**સુવિચાર**

હું એક જ શ્રેષ્ઠ છું એવા અભિમાનથી હંમેશા દૂર રહેવું. સહુને શ્રેષ્ઠ થવાનો અધિકાર આ જન્મે મળેલો છે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૧૦/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ આસો વદ-૧ વર્ષ : ૧૫ અંક : ૨૬૦

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ
GreenWoods
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## જિલ્લાનાં વહીવટીતંત્રએ ફટાકડાનાં વેપારીઓ સાથે સંકલન કરવું જરૂરી

# અમરેલી જિલ્લામાં શાક બકાલાની જેમ ફટાકડાનું વેચાણ ન થવું જોઇએ

**ટ્રાફિકથી ધમધમતા માર્ગો કે શોપિંગ સેન્ટરમાં ફટાકડાનું વેચાણ કરવું તે અતિ જોખમી**

**ન કરે નારાયણ ને કોઈ આકસ્મિક ઘટના બને તે પહેલા તંત્રએ પાળ બાંધવી જરૂરી**

**સુરક્ષિત જગ્યામાં ફટાકડાનું વેચાણ થાય તેવી નીતિ સમગ્ર જિલ્લામાં બનાવવી જરૂરી**

**લાયસન્સ આપતા દરેક નિયમોની અમલવારી થઈ શકે તેમ છે કે નહી તેનો અભ્યાસ કરવો જોઈએ તેવી માંગ**



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૭
અમરેલી જિલ્લામાં આવતા વિસ્તારોમાં દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડાનું વેચાણ કરવા માટે તાજેતરમાં રાજકોટમાં બનેલી આગજનીની ગમખ્વાર ઘટના બાદ ગુજરાત સરકારે જાહેર કરેલી ફાયર સેફટી અંગેની ગાઈડ લાઈન મુજબ પરવાનગી માટે સાવચેતી રાખવાની માંગ ઉઠવા પામેલ છે તેમજ રાજય સરકારની માર્ગદર્શિકાઓને અનુસરી, આ વર્ષે આગામી સમયમાં આવનારા દિવાળીનાં તહેવાર દરમિયાન ટેમ્પરરી દારૂખાનું /ફટાકડા જેવા વિસ્ફોટક આગ જવલનશીલ પદાર્થો રાખવા તથા તેનુ છૂટક કે જથ્થાબંધ વેચાણ કરવા માંગતા હોય તેમને શહેરની શેરી મહોલ્લા અને ભીડભાડ વાળી જાહેર જગ્યાઓમાં વેચાણ કરવા ન દેવા જોઈએ અને જો કોઈ વેચાણ કરે તો લાગતા વળગતા સરકારી તમામ તંત્રએ તુરંતજ તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી કડક પગલાં ભરવા જરૂરી છે. વેચાણ કરવા માંગતા હોય તેવા લોકોને સુરક્ષિત મકાનમાં રક્ષિત કે ધંધાથી ૫૦ (પચાસ) મીટર દૂર સળગી ન ઉઠે તેવા સિમેન્ટનાં પતરા, ગેલ્વેનાઈઝનાં પતરાનાં ત્રણ બાજુથી બંધ હોય, સરકારી ગાઈડ લાઈન મુજબ તમામ પ્રકારના ફાયર સેફટીના સર્ટીફીકેટ, લાઈસન્સ પોતાની દુકાન કે ગોડાઉનમા લોકો વાંચી શકે તેમ રાખવા

અનુસંધાન પાના ૬ ઉપર

### ટ્રકનાં ચાલકે હડફેટે લીધા

## અમરેલીનાં નવા ખીજડીયાથી ગાવડકા જતાં માર્ગ ઉપર રીક્ષા ચાલકનું અકસ્માતમાં નિધન

**તાલુકા પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૭, મુળ રાજસ્થાનના વતની અને હાલ અમરેલીના પ્રતાપપરા ગામે પ્રાયમરી સ્કુલની પાછળ નાના આંકડીયા રોડ ઉપર રહેતા મહેન્દ્રસિંહ બહાદુરસિંહ રાવત પોતાના હવાલા વાળી રીક્ષા નં. જી.જે.-૦૪યુ-૫૧૭૧ નીલઈને તા. ૧૬ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યા પહેલા નવા ખીજડીયા ગામેથી ગાવડકા ગામ તરફ પીજીવીસીએલના કામથી જતા હતા. તે દરમ્યાન ખીજડીયા ગામના પાટીયા પાસે પહોંચતા એક ટ્રક નં. જી.જે. ૦૩ વાય-૮૭૬૨ના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેફીકરાયથી ગફલતભરી રીતે ચલાવી રીક્ષા ચાલક સાથે ભટકાવી માથાના ભાગે, છાતીના ભાગે, ડાબા હાથના ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી દીધાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

### બાકી વેરાને લઈને પાલિકાએ લાલ આંખ કરી

## સાવરકુંડલામાં મોબાઈલ ટાવરને સિલ કરી દેવાતાં ગ્રાહકોને નેટવર્ક મળવું મુશ્કેલ

**ગ્રાહક સુરક્ષા મંડળ ગ્રાહકોની મદદે આવ્યું**

સાવરકુંડલા, તા. ૧૭
સાવરકુંડલા નગરપાલિકા દ્વારા કોઈ કારણસર જીઓના નેટવર્ક ટાવર સિલ કરવામાં આવેલ છે. પરિણામ સ્વરૂપે જીઓ નેટવર્ક ધરાવતાં ગ્રાહકોને નેટવર્ક કનેકટીવીટી મળવા માટે ભારે પરેશાની થઈ રહી છે. આજનો યુગ જ ડીઝીટલ છે. કોમ્પ્યુટરનો ઉપયોગ કરતી વખતે પણ ઈન્ટરનેટના ઉપયોગ અથવા મોબાઈલ વોટસએપ જેવી અનેક એપ્લિકેશન દ્વારા લોકો વાતચીત માટે

અનુસંધાન પાના ૬ ઉપર

### સરકારી એડવોકેટ મમતાબેન ત્રિવેદીની દલીલોનાં આધારે

## અમરેલીની સ્પે. પોકસો કોર્ટે સગીર વયની દીકરીને ભગાડી જવાનાં ગુન્હામાં આરોપીને ૨૦ વર્ષ સજા ફટકારી

**સ્પે. પોકસો જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપીને ૩૦ હજારનો દંડ પણ ફટકારાયો**



એડવોકેટ-મમતાબેન ત્રિવેદી

અમરેલી, તા. ૧૭
મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે મજુરીકામ કરતાં એક પરપ્રાંતીય પરિવારની સગીર વયની દીકરીને મુળ મધ્યપ્રદેશનો વતની લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ હતો. આ અંગેનો કેસ અત્રેની સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૩૦ હજાર દંડની સજા ફટકારી હતી. જયારે ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર આપવા પણ હુકમ કર્યો હતો.
આ બનાવમાં મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
68,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

ઈમરજન્સી સારવાર
24/7 Emergency Services
એપોઈન્ટમેન્ટ માટે
99782 23000
હૃદયરોગ - બીપી
શ્વાસ દમ ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ડાયાબીટીસ - કીડની
લીવરની તકલીફ વગેરે
ડો. રાજન કકૈયા
(એમ.ડી.)
કન્સલટન્ટ ફીજીશ્યન
વિશેષ સુવિધા
આયુષ્યમાન કાર્ડ ધારકોને ફ્રી સારવાર
કેશલેશ મેડીકલેઈમ સુવિધા
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## જીયો કંપનીનાં અનેક મોબાઈલ ટાવરમાં બેટરીનો અભાવ હોવાથી

# અમરેલીમાં વીજળી ગુલ અને સાથે મોબાઈલ નેટવર્ક પણ ઠપ્પ

**શહેરમાં દર ગુરૂવારે કોઈને કોઈ વિસ્તારમાં ૩ થી ૭ કલાક સુધી વીજકાપ હોય અને એટલે તે વિસ્તારમાં મોબાઈલ નેટવર્ક ઠપ્પ**

**શહેરનાં હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં કલાકો સુધી મોબાઈલ નેટવર્ક ઠપ્પ થઈ ગયું**

**આજના યુગમાં મોબાઈલ વગર એક મિનિટ ચાલે તેમ નથી તેવા સમયે કલાકો સુધી નેટવર્ક ઠપ્પ**

**કંપનીનાં સંચાલકે ''અમરેલી એક્સપ્રેસ''ને થોડા દિવસોમાં સમસ્યાનું નિરાકરણ થશે તેમ જણાવ્યું**

અમરેલી, તા. ૧૭

અમરેલીનાં શહેરીજનોની ધીરજશકિત અસીમ હોવાનો લાભ વહીવટીતંત્ર, રાજકીય આગેવાનો ભરપુરલઈરહ્યાછેઅનેહવેતેમાં ''જીયો કંપની'' પણજોડાઈહોયતેવુંલાગીરહ્યું છે. કારણ કે ગુરૂવારે શહેરનાં અનેક વિસ્તારોમાં પીજીવીસીએલ દ્વારા વીજકાપ લદાતા સાથોસાથ જીયો મોબાઈલનું નેટવર્ક પણ ઠપ્પ થતાં શહેરીજનોઅકળાઈઉઠયાહતા.

વિગતએવાપ્રકારનીછે કે, અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોક સહિતનાંવિસ્તારોમાંઆજે ૪થી ૬ કલાક સુધીવીજકાપલાદવામાંઆવ્યોતોસાથે જીયો કંપનીનું નેટવર્ક પણ બંધ થતાં વેપારીઓસહિતસૌકોઈતોબાપોકારી ચુકયાહતા.

આઅંગેએવુંજાણવામળેલ કેશહેરમાંજીયોમોબાઈલનાં ૬ જેટલા ટાવર કાર્યરત છે તેમાં અમુકમાં વીજળીનાંવિકલ્પનીકોઈવ્યવસ્થાનથી એટલે કે, બેટરીનો અભાવ હોવાથી વીજળીગુલથાયએટલેમોબાઈલનેટવર્ક ઠપ્પથાયછે.

આઅંગેકંપનીનાંસંચાલક સાથે વાતચીત કરાતાં તેઓએ એવું આશ્વાસનઆપેલકેશહેરમાંફાઈબર નેટવર્કનુંકામશરૂહોયઆગામીએકાદ મહિનામાંવીજકાપનીસાથેમોબાઈલ નેટવર્ક ઠપ્પ થવાની સમસ્યામાંથી ગ્રાહકોનોછુટકારોકરીદેવાશે.

### મંડળીનાં બાકીદારોમાં ફફડાટ ફેલાયો

## બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીને આપેલ ચેક રિટર્ન કેસમાં આરોપીને બે વર્ષની કેદની સજા ફટકારતી ચીફ કોર્ટ હુકમ

**એડવોકેટ ચંદ્રેશભાઈ બી. મહેતા તથા અશોક બી. વાળાની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ**





બગસરા, તા. ૧૭

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી શાખાના બાકીદાર લલીતભાઈ પ્રવીણભાઈ જયસ્વાલ રે. ચલાલાએ મંડળીમાંથી રૂા. ૫૦,૦૦૦ની સભાસદ શાખ લોન લીધેલ જે ધિરાણ વસુલતા લોન બાકી પેટે અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. તા. ૧૭/૩/૨૩ને મંડળીને રકમ રૂા. ૬૪,૯૦૨/–નો ચેક આપેલ, જે ચેક મંડળીના બેંક ખાતામાં કલીયરીંગમા નાખતા જે અપુરતા બેલેન્સને કારણે પરત ફરેલ મંડળીના ચેરમેનના માર્ગદર્શનતળે નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૩૮ ફરિયાદ દાખલ પુર્વે મંડળી તરફથી વકીલ મારફત નોટિસ આપવામાં આવેલ હતી, તેમ છતાં આરોપીએ મંડળીની રકમ આપેલ નહીં જેથી મંડળી દ્વારા અમરેલી કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી, જે અમરેલી ચીફ કોર્ટમાં કેસ ચાલી જતા કાનૂની કાર્યવાહી દરમ્યાન મંડળી તરફથી એડવોકેટ ચંદ્રેશભાઈ બી. મહેતા તથા અશોક બી. વાળાની ધારદાર દલીલો કોર્ટ સમક્ષ રજુ કરેલ ત્યારબાદ અમરેલી ચીફ કોર્ટના અપાયેલ ચુકાદામાં આરોપીને બે વર્ષની સાદી કેદ તથા ૯%ના વ્યાજ સહિત ફરિયાદી મંડળીને રકમ ચૂકવવા હુકમ ફરમાવવામાં આવેલ છે મંડળી માંથી જે હેતુસર ઉપાડ કરેલ કર્જની રકમ નિયત મુદતમાં વસુલ ન આપતા બાકીદારોમાં ભય સાથે ફફડાટ વ્યાપેલ છે.

## બવાડા ગામના શિક્ષક વય મર્યાદાથી નિવૃત્ત થયા



લીલીયા, તા. ૧૭

લીલીયા તાલુકા ના બવાડા ગામે અતુલભાઈ રમણીકભાઈ દવેની વય નિવૃત્ત થતા ભવ્ય વિદાય સમારંભ યોજવામાં આવેલો હતો જેમાં જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલભાઈ દુધાત તથા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, ગૌતમભાઈ વિછીયા, ભરતભાઈ હેલૈયા તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી આતુભાઈ મકવાણા, કેળવણી નિરીક્ષક અલ્પેશભાઈ પંડયા, બી.આર.સી કો–ઓર્ડીનેટર અભિષેક ભાઈ ઠાકર તથા ક્રાંકચ પે સેન્ટરના સી.આર.સી કો–ઓર્ડીનેટર વિશાલભાઈ પાઠક, સી.આર.સી. પ્રવીણભાઈ રાખસિયા, દિગનભાઈ દેવમુરારી તાલુકા શિક્ષક સંઘના પ્રમુખ અનિભાઈ વિછીયા તથા મહામંત્રી સુધીરભાઈ સતાણી ખજાનચી ધીરૂભાઈ ઠુંમર, લીલીયા શિક્ષક સંઘના અજયભાઈ દવે, સનીલભાઈ વાડદોરીયા, મનીષભાઈ પટેલ અને આખા કાર્યક્રમનું સફળ સંચાલન કરનાર વિમલભાઈ મહેતા, અમિતભાઈ ચાવડા અને રામેર ગીરી ગોસાઈ દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ બવાડા પ્રાથમિક શાળામાં ના ભૂતોના ભવિષ્યતિ એવો કાર્યક્રમ યોજવામાં આવેલો હતો જેમાં બવાડા પ્રાથમિક શાળાના બહેનોએ સ્વાગત ગીત કરેલું. ત્યારબાદ બવાડી પ્રાથમિક શાળાની બહેનોએ બે રાસ રજૂ કરેલા હતા. કાર્યક્રમને દીપાવવા માટે સરપંચ જયસુખભાઈ શિરોયા અને ઉપસરપંચ લખુભાઈ ચાંદુએ અને ગામના તમામ ગ્રામ પંચાયતના સદસ્યો ગ્રામજનો એ ખૂબ જ મહેનત કરીને કાર્યક્રમની શોભા વધારેલી હતી આ તકે ભોરીંગડાથી અનિલગીરી બાપુએ આશીર્વાદ આપેલા હતા અને અંતિમ આભારવિધિ રામભાઈ દ્વારા કરવામાં આવેલ હતી. કાર્યક્રમના સંપન્ન થયા બાદ અતુલભાઈ રમણીકભાઈ દવે દ્વારા આખા ગામને અને બાળકો માટે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ૧૦૮ સેવા નિરાધારનો આધાર બની

## લીલીયા : ૧૦૮ ટીમે અધૂરા મહિનાની પ્રસુતી કરાવીને ૨ વ્યકિતનાં જીવ બચાવ્યા

**નોર્મલ રીતે પ્રસુતી કરાવીને ઉમદા કાર્ય કર્યુ**



અમરેલી, તા. ૧૭

લીલીયા ૧૦૮ની ટીમને સવારના ૫ઃ૦૯ કલાકે લુવારીયા ગામના વાડી વિસ્તારનો ડિલિવરીનો કોલ મળતા તુરંત જ સ્થળ પર પહોંચી ગયા હતા. પરંતુ માતાને સિકલ સેલ પોઝિટિવ હોવાથી જનરલ સિવિલ હોસ્પિટલ અમરેલી ખાતે લઈ જવાની જરૂર હતી. પરંતુ દર્દીને લઈને લુવારીયા ગામથી અમરેલી જતા હતા ત્યારે રસ્તામાંજ ૧૦૮ એમ્બ્યુલનસમાં જ ડિલિવરી કરવાની ફરજ પડી હતી. ૧૦૮ના EMT વિશાલ પડસાલા અને પાયલોટ શૈલેષ ખોરાસિયા દ્વારા અનુભવના આધારે અધૂરા મહિને એટલે કે સાતમા મહિને ડિલિવરી કરવાની ફરજ પડી હતી અને માતાને સિકલ સેલ પોઝિટિવ હોવાથી આ ડિલિવરી અતિ જોખમી હોવા છતાં ૧૦૮ની ટીમ દ્વારા એમ્બ્યુલન્સમાં જ નોર્મલ ડિલિવરી કરાવી હતી અને બાળકના ધબકારા ઘટી જવાથી છાતી પર દબાણ(CPR) અને કુદરતી ।સ (BVM) અને ઓકિસજન દ્વારા સારવાર આપીને માતાને અને બાળકને બંનેના જીવ બચાવી લીધા હતાં.

### પિપાવાવ કોસ્ટ ગાર્ડની ઉમદા કામગીરી

## જાફરાબાદનાં મધદરિયે માચ્છીમાર ઘાયલ થતાં કાંઠે લાવીને સારવાર અપાઈ

**૧૦૮ જેવી સુવિધા દરિયામાં શરૂ થતાં ફાયદો**





જાફરાબાદ, તા. ૧૭

જાફરાબાદ મધદરિયે માછીમારી કરતી બોટમાં સાગરખેડૂ ગંભીર રીતે ઘાયલ થતાં ૧૦૮ જેવી સુવિધા પુરી પાડતા પિપાવાવ કોસ્ટ ગાર્ડના જવાનો દ્વારા ઘાયલ દર્દીને સુરક્ષિત રીતે મધદરિયેથી બંદરકાંઠે લાવી બોટ માલિક બોલાવી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

વિગત એવી છે કે, તા. ૧૭ ઓકટોબર ૨૪ના મધદરિયે માછીમારી કરતી બોટમાં એક સાગરખેડૂ માછીમારી કરતા દરમિયાન ગંભીર ઘાયલ હોવાની જાણવા મળતા કોસ્ટ ગાર્ડની ઈન્ટરસેટટર બોટ બનાવ સ્થળે પહોંચી હતી અને કોસ્ટ ગાર્ડ દ્વારા રેસ્કયુ ઓપરેશન દ્વારા બોટ ઉપર સવાર સાગરખેડૂ કે. કવાભાઈ સોલંકી (ઉ.વ. ૪૦)ને બેભાન અને ઈજાગ્રસ્ત સાગરખેડૂ સુરક્ષિત રીતે ICGS બોટમાં મધદરિયે થી જેટી પર લાવી એમ્બેસેડર મારફત હોસ્પિટલ વધુ સારવાર માટે ખસેડવામાં આવેલ આ કામગીરી ભારતીય કોસ્ટગાર્ડ મધદરિયેથી જેટી લાવી એમ્બેસેડર મારફત હોસ્પિટલ વધુ સારવાર માટે ખસેડવામાં આવેલ આ કામગીરી ભારતીય કોસ્ટ ગાર્ડ મધદરિયે થી જેટી પર લાવી એમ્બેસેડર મારફત હોસ્પિટલ વધુ સારવાર માટે ખસેડવામાં આવેલ આ કામગીરી ભારતીય કોસ્ટ ગાર્ડ ઈન્ટરસેટટર બોટ ૪૦૯ પિપાવાવ કોસ્ટગાર્ડના જવાનો દ્વારા ૧૦૮ જેવી સુવિધા મધદરિયે પુરી પાડી સાગરખેડૂનો જીવ બચાવ્યો હતો.

## પક્ષીઓથી ઘણું શીખવા જેવું છે



૧. તેઓ રાતે કંઈ ખાતા નથી.

૨. તેઓ કયાંય ફરતા નથી.

૩. તે પોતાની જાતે જ પોતાના બાલ બચ્ચાઓને તાલીમ આપે છે. ટ્રેઈન થવા / કરવા બીજા પાસે મોકલતા નથી.

૪. તેઓ ઠાંસી ઠાંસીને કદી ખાતા નથી. તમે કેટલાય દાણા નાખ્યા હોય તો પણ થોડું ખાઈને ઉડી જશે. વળી જોડે ૧ દાણોય લઈ જતા નથી.

૫. રાત પડતા જ સુઈ જાય સવારે વહેલા જાગી જાય. તે પણ ગાતા ગાતા જ ઉઠે.

૬. ગમે તેવું હોય તો પણ પોતાનો ખોરાક બદલતા જ નથી.

૭. પોતાના શરીર પાસેથી ખૂબ કામ લે છે. રાત સિવાય આરામ પણ કરતા નથી.

૮. બીમાર પડે તો ખાવાનું બંધ કરી દે છે. શરીર સારૂં થાય અને મનને ઠીક લાગે ત્યારે જ ખાય છે.

૯. પોતાના બચ્ચાઓને ખૂબ સ્નેહ કરે છે. ખૂબ પ્રેમ આપે છે.

૧૦. અંદરો – અંદર ઝગડવાનું ઓછું કરે છે હળી મળીને રહેવાનું પસંદ કરે છે.

૧૧. કુદરતના બધા નિયમોનું પાલન ફરજીયાત કરતા હોય છે.

૧૨. પોતાનું ઘર / માળો પણ ઈકો ફ્રેન્ડલી જ બનાવે અને તે પણ પોતાની જરૂરિયાત જેટલી જ.

### દિવાળીનાં તહેવારો નજીકમાં હોય તે સમયે

## સાવરકુંડલાનાં લીંબડી ચોકમાં આડેધડ વાહન પાર્કિંગથી શહેરીજનો તોબા...તોબા

**વેપારીઓએ પોલીસ વિભાગમાં રજૂઆત કરી**



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા શહેરમાં આવેલ લીંબડી ચોક વિસ્તારમાં સવારથી સાંજ સુધી આડેધડ વાહનો પાર્કિંગ કરી દેવામાં આવતાં વેપારીઓ તેમજ રાહદારીઓને કાયમી માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વેપારી મિત્રો તેમજ રાહદારીઓ દ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત રજુઆત કરવામાં આવી.

લીંબડી ચોક પર અનેક દુકાનો આવેલ છે તેમજ આ ચોક પરથી ધાર્મિક સ્થળો જુમ્મા મસ્જિદ, હવેલી શેરી, પોલીસ કવાર્ટર તેમજ મણીભાઈ ચોક વિસ્તારમાં જવા માટેના રસ્તાઓ આવેલા છે અને આ વિસ્તારોમાં રહેતા રહીશોને અવર જવર માટે લીંમડી ચોક પરથી પસાર થવું પડતું હોય છે. પરંતુ આ ચોક પર સવારથી લઈ સાંજ સુધી આડેધડ વાહનો પાર્કિંગ કરી લોકો જતાં રહે છે. ત્યારે રાહદારીઓ તેમજ ત્યાંના રહીશોને પસાર થવું એ મહામુસીબત બની ગઈ છે. આ સમસ્યામાંથી કાયમી ધોરણે છુટકારો મેળવવા આડેધડ પાર્કિંગ થતા વાહનો પર દંડનીય કાર્યવાહી કરવામાં આવે જેથી આડેધડ પાર્કિંગ થતા વાહનો દુકાનદારો તેમજ રાહદારીઓને બાધારૂપ ન બને આવી માંગણી સાથે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત રજુઆત કરવામાં આવેલ હતી.

# બગસરાના શિલાણા મુકામે સેવા સેતુ કાર્યક્રમમાં અરજીઓનો સ્થળ પર નિકાલ









રાજય સરકારની જનકલ્યાણલક્ષી વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ નાગરિકોને સરળતાથી ઘરઆંગણે મળી રહે અને તેમને ઓછામાં ઓછી મુશ્કેલી થાય તેવા પારદર્શી અભિગમ તેમજ સુશાસન નેમ સાથે રાજયવ્યાપી સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થયો હતો. મહત્વનું છે કે, આગામી તા. ૩૧ ઓકટોબર સુધી રાજયભરમાં યોજાનાર આ સેવા સેતુ કાર્યક્રમના ૧૦મા તબક્કા અંતર્ગત તાલુકા દીઠ ૩ અને નગર પાલિકા– મહાનગર પાલિકા દીઠ બે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. રાજય સરકારના વિવિધ વિભાગોની ૫૫ જેટલી જનકલ્યાણલક્ષી સેવાઓ સુવિધાઓ સેવા સેતુમાં નાગરિકોને સ્થળ પર પૂરી પાડવાનો ઉદેશ્ય છે. સેવા સેતુ કાર્યક્રમ એ રાજય સરકારના જનકલ્યાણલક્ષી અભિગમનું એક પરિમાણ છે. સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોની અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક રીતે ઉકેલ આવી રહ્યો છે. બગસરાના શિલાણા મુકામે સેવા સેતુ કાર્યક્રમ–૨૦૨૪ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. શિલાણા મુકામે સેવા સેતુ કાર્યક્રમમાં ૬૪૭ પશુઓને રસીકરણ (ડીવર્મીગ), ૫૦૦ પશુઓને કાયમી રસીકરણ, ૧૭૭ પશુઓને મેડિસીન સારવાર, ૧૫૮ રાશનકાર્ડ ધારકોની ઈ– કેવાયસી સેવા, ૭૮ હેલ્થ વેલનેસ કાર્ડ અંતર્ગત ડાયાબિટિસ અને બી. પી. ચકાસણી, ૩૨ પશુઓની ગાયનેલોજીકલ સારવાર, ૨૮ આધારકાર્ડમાં સુધારા, આઈ.સી. ડી.એસ. ૧૨ બાળકોના આધારકાર્ડની અરજી, આવકના દાખલા ૯, રાશનકાર્ડમાં નામ દાખલ કરવું અને સુધારણાની ૧૧ અરજી, ૭૦ અરજી કાનૂની સેવા સંદર્ભે સહિતની ૧,૭૩૪ અરજીઓનું સ્થળ પર નિરાકરણ કરવામાં આવ્યુ હતુ. રાજય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

# રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓને તિલાંજલિ આપીને

# અરે વાહ : ખડસલી ગામે પ્રાકૃતિક ખેતીથી શાકભાજીનું ઉત્પાદન

ભીંડો, દૂધી, ડુંગળી, ગુવાર, તુરીયા, બીટ જેવા શાકભાજીનું ઉતપાદન શરૂ

ગૌમુત્ર, છાશ, છાણ, રાખ જેવી વસ્તુઓનો ઉપયોગ કરીને સફળતા મેળવી

માધ્યમિક શાળા અને પશુપાલન પોલિટેકનિક કોલેજનાં વિદ્યાર્થીઓને શ્રમ સાથે શિક્ષણ આપવાનો ઉમદા પ્રયાસ

આગામી દિવસોમાં ઓર્ગેનિક ખેતી, પશુપાલન જેવી કામગીરીનો યુગ આવશે તે નક્કી






સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે ઉચ્ચતર માધ્યમિક શાળા તેમજ પશુપાલન પોલિટેકનિક કોલેજ આવેલ છે. જેમાં ખેતી શાકભાજી સંપૂર્ણ ઓર્ગેનિક પદ્ધતિથી કરવામાં આવે છે. જેમાં ભીંડો, દૂધી, ડુંગળી, ગુવાર, તુરીયા, બીટ જેવા શાકભાજી સંપૂર્ણ ઓર્ગેનિક સિસ્ટમથી તેમજ પિયત પદ્ધતિ પણ ટપક સિંચાઈ દ્વારા કરવામાં આવે છે. જેમાં બીજામૃત પંચામૃત, ગૌમૂત્ર, છાશ, છાણ, રાખ જેવી વસ્તુનો છંટકાવ કરી ઉત્પાદન મેળવવામાં આવે છે. આ શાળા શ્રમ સાથે શિક્ષણ આપવામાં આવતું હોય છે અને આ તમામ ઓર્ગેનિક વિદ્યાર્થીઓને તેમજ શાળાના સ્ટાફમાં વપરાતા હોય છે. દરરોજ ૫૦ થી ૬૦ કિલો શાકભાજી ઉતારવામાં આવતું હોય છે. આ ભગીરથ કાર્યમાં શાળાના ઈન્ચાર્જ નાનજીભાઈ મકવાણા તેમજ હરેશભાઈ પંડયા તેમજ ગોવાભાઈ ગાગિયા તમામ સ્ટાફ તેમજ વિદ્યાર્થી ભાઈઓ તેમજ બહેનોના સહકારથી ભારે સફળતા મળી રહી છે.

## પ્રાંત અધિકારી, ડીવાયએસપી દ્વારા

# અમરેલીનાં ફાયર સ્ટેશન ખાતે ફટાકડાનાં વેપારી સાથે બેઠક યોજાઈ

### એક જ જગ્યાએ એકત્ર થઈ વેચાણ કરવા જણાવાયુ



અમરેલી, તા. ૧૭

અમરેલી શહેરના હીરકબાગ ફાયર સ્ટેશન પ્રાત અધિકારી, ડી.વાય.એસ.પી. તથા ફાયર ઓફિસરની આગેવાની હેઠળ અમરેલી શહેર વિસ્તારની અંદર છૂટક તથા જથ્થાબંધ ફટાકડાનું વેચાણ કરતા વેપારી સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મીટીંગ દરમિયાન આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને લોકોની શાંતિ સલામતી જળવાઈ રહે તેમજ ફટાકડાના કારણે આગ કે અકસ્માતની ઘટનાને ટાળી શકાય તે માટે થઈને ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. આ મિટિંગ દરમિયાન શહેરના તમામ વેપારી મિત્રોને કોઈ ખુલ્લા ગ્રાઉન્ડની અંદર એક જ જગ્યાએ ઉપર ભેગા થઈ ફટાકડાનું વેચાણ કરવા અપીલ કરવામાં આવી હતી.

# રાજુલા ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા




રાજુલા, તા. ૧૭


શ્રીમતી એચ.બી .સંઘવી મહિલા આટર્સ એન્ડ કોમર્સ કોલેજ રાજુલા ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત એન.એસ.એસ. યુનિટ ૧ તથા ૨ દ્વારા વકૃત્વ સ્પર્ધા, એક પાત્રીય અભિનય, રંગોળી સ્પર્ધા તથા વિકાસ શપથ ગ્રહણ કાર્યક્રમનું ઉત્સાહપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે વિકાસ સપ્તાહ-૨૦૨૪ અંતર્ગત વિશેષ માર્ગદર્શન આપેલ.

આ તકે સેક્રેટરી બાલકૃષ્ણ ભાઈ ત્રિવેદી , કેમ્પસ ડાયરેકટર ડો. જીગ્નેશભાઈ વાજા, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસએ વિજેતા થયેલ વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. જાગૃતિબેન તેરૈયા, પ્રોગ્રામ ઓફિસર પ્રા. ભગવતીબેન વડીયા તથા સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી, પ્રા. નેહાબેન દરજીએ શપથ લેવડાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

## અન્નપુર્ણા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# અમરેલીનાં ગાગર જેવડા ચાડિયા ગામમાં જળસંશયની ઉમદા કામગીરી

### આગામી ૫ નવેમ્બરનાં રોજ મુખ્યમંત્રી પણ પધારશે



અમરેલી, તા. ૧૭

અમરેલી તાલુકાનું ગોકુળિયું ગામ ચાડિયા ગામના ગૌરવ ગામના વતની તો ગામ માટે યોગદાન આપે છે. પરંતુ ચાડીયા ગામના ભાણેજ એવા બાબુભાઈ પેથાણીના પુત્રો આ વાત ચરિતાર્થ કરી આપી છે. અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અનિભાઈ પેથાણી છે. તેમણે પોતાના પિતાના નામ સાથે બાબુભાઈ રામજીભાઈ પેથાણી સરોવર નામ આપી મુખ્ય દાન આપી એક ગૌરવ રૂપી દાખલો બેસાડેલ છે. આ કાર્યને ચાડીયા ગામના આગેવાનો તથા સમગ્ર ચાડીયા ગામ તથા અન્નપૂર્ણા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ ટ્રસ્ટના પ્રમુખ હસમુખભાઈ ગઢીયા આવકારેલ છે. તેમ ટ્રસ્ટ વતી વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયુ છે.

અત્રે ઉલેખનીયછે, કે, અમરેલીનું ચાડીયા ગામ ગોકુળિયું ગામ બનાવ થનગની રહ્યું છે. ત્યારે આગામી તા. ૫/૧૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રીના હસ્તે ત્રણ ચેક ડેમના ખાત મુર્હુત કરવાના અનેરા અવસરથી ચાડીયા ગામના કાયમી પાણી પ્રશ્ન હલ થવાના ઉજળા અવસરે માતૃવંદના કાર્યક્રમમાં રાજકીય આગેવાનો સામાજિક કાર્યકરો તેમજ વતનથી બહાર ગયેલા ચાડીયા ગામના વતનીઓ સગા સબંધી સાથે હાજર રહેવાના હોય, ઘણા વર્ષો બાદ ચાડીયા ગામને આ અમુલ્ય ભેટ પ્રાપ્ત થઈ રહી છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ-૨૦૧૩ (૮-સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અધધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રુપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
હોલસેલ..... હોલસેલ......
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹999/- ભરીને લઈ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
Shine 100
ડોક્યુમેન્ટ્સ • આધાર કાર્ડ • પાન કાર્ડ • બેન્ક પાસબુક • પાસપોર્ટ સાઈઝ ફોટા • ચેક • લાઈટબિલ
ઓથો. ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Hero
GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### સુપ્રીમના ૫ જજોની બંધારણીય બેન્ચનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# સુપ્રીમ કોર્ટે નાગરિકતા અધિનિયમની કલમ 6Aની માન્યતાને યથાવત રાખી

## આ કાયદા હેઠળ ૧ જાન્યુઆરી, ૧૯૬૬ અને ૨૫ માર્ચ, ૧૯૭૧ વચ્ચે આસામ આવેલા બાંગ્લાદેશી વસાહતીઓ પોતાને ભારતીય નાગરિક તરીકે નોંધણી કરાવી શકે છે

નવી દિલ્હી, તા.૧૭

સુપ્રીમ કોર્ટે નાગરિકતા કાયદો ૧૯૫૫ની આસામ એકોર્ડ (આસામ સમજૂતી) તરીકે ઓળખાતી કલમ **6A** ની માન્યતાને જાળવી રાખી છે. સીજેઆઈ ડીવાય ચંદ્રચૂડ સહિત પાંચ જજની બંધારણીય બેન્ચે આ કલમ સ્થળાંતરિત લોકોના કારણે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિને નુકસાન પહોંચાડતી હોવાની અપીલને ફગાવતાં તેની કાયદેસરતાને જાળવી છે. સીજેઆઈ ડીવાય ચંદ્રચૂડે ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, આસામ સમજૂતી એ ગેરદાયદે થતાં સ્થળાંતરની સમસ્યાનો રાજકીય ઉકેલ છે અને કલમ ૬છ એ બંધારણીય ઉકેલ છે. બહુમતી જોવા મળી છે કે, સંસદે આ જોગવાઈના અમલ માટે કાયદાકીય માન્યતા આપી છે. જે સ્થાનિક વસ્તીની સુરક્ષાની જરૂરિયાતને ધ્યાનમાં રાખતાં માનવતાવાદ જાળવી રાખવા અમલમાં મુકવામાં આવી છે. બાંગ્લાદેશની સરહદ સાથે જોડાયેલા રાજ્યોમાં આસામમાં સૌથી વધુ ૪૦ લાખ ઈમિગ્રાન્ટ્સ લોકો વસવાટ કરી રહ્યા છે. જો કે, સંખ્યાની દ્રષ્ટિએ પશ્ચિમ બંગાળમાં ૫૬ લાખ ઈમિગ્રાન્ટ્સ વધુ છે, પરંતુ વિસ્તારની દ્રષ્ટિએ આસામ બંગાળ કરતાં અડધું છે. જેથી આસામ માટે આ જોગવાઈ અત્યંત જરૂરી છે. **CJI** ચંદ્રચૂડે તેમના ચુકાદામાં નોંધ્યું હતું કે રાજ્યમાં વિવિધ વંશીય જૂથોની હાજરીનો અર્થ એ નથી કે બંધારણની કલમ **29(1)** મુજબ ભાષાકીય અને સાંસ્કૃતિક વારસાના રક્ષણના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થયું છે. અરજદારોએ સાબિત કરવું પડશે કે એક વંશીય જૂથ માત્ર અન્ય વંશીય જૂથની હાજરીને કારણે તેમની પોતાની ભાષા અને સંસ્કૃતિનું રક્ષણ કરવામાં સક્ષમ નથી. વધુમાં સુપ્રીમ કોર્ટે આસામની સરકારને એનઆરસી મુદ્દે આપવામાં આવેલા નિર્દેશોને અસરકારક રીતે લાગુ કરવા નિર્દેશ આપ્યો છે, જેમાં તેઓએ રાજ્યમાં ગેરકાયદે રહેતાં બાંગ્લાદેશીઓની ઓળખ કરવા અને તેમનો દેશનિકાલ કરવાના પગલાં લેવાના રહેશે. આ પ્રક્રિયા પર સુપ્રીમ કોર્ટ નજર રાખશે.

આસામના નાગરિક જૂથ આસામ સન્મિલિતા મહાસંઘ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે, કલમ **6 (A)** એ પક્ષપાતી, મનસ્વી અને ગેરકાનૂની વલણ ધરાવે છે. જેમાં નિર્ધારિત કટઓફ તારીખ અન્ય રાજ્યો સાથે પક્ષપાત છે. અયોગ્ય છે. જેનો જવાબ આપતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, કટઓફ તારીખ ૨૫ માર્ચ, ૧૯૭૧ નિર્ધારિત કરવા પાછળનું કારણ આ તારીખે બાંગ્લાદેશને અલગ દેશ તરીકે સ્થાપિત થવાની આઝાદી મળી હતી. બેન્ચમાં સામેલ જસ્ટિસ સુર્યકાંતે તેમના જજમેન્ટમાં અરજદારોની અરજી રદ કરતાં કહ્યું કે, ભાઈચારાને સંકુચિત માની શકાય નહીં, વ્યક્તિ પોતાના પાડોશીઓને પસંદ કરવા સક્ષમ હોવો જોઈએ. કલમ ૬છ માં નિર્ધારિત કટઓફ તારીખે કારણે જોગવાઈનો ભંગ થયો ગણાય નહીં. અરજદારોએ દલીલ કરી હતી કે, કલમ ૬છ એ બંધારણની પ્રસ્તાવનામાં ભાઈચારાના સિદ્ધાંતોનું ઉલ્લંઘન કરે છે. જેના લીધે સ્થાનિક ભાષા અને સંસ્કૃતિ લુપ્ત થવાનું જોખમ વધ્યું છે.

કલમ **6A** માં સામેલ જોગવાઈઓ

આસામમાં ૧ જાન્યુઆરી, ૧૯૬૬ પહેલાં સ્થળાંતર કરનારા લોકોને ભારતીય નાગરિક જાહેર કરવા.

આસામમાં ૧ જાન્યુઆરી, ૧૯૬૬ અને ૨૫ માર્ચ, ૧૯૭૧ સુધીમાં વસવાટ કરનારા સ્થળાંતરિત લોકોને માન્ય શરતો અને લાયકાતના આધારે ભારતીય નાગરિક તરીકેનો દરજ્જો આપવો.

૨૫ માર્ચ, ૧૯૭૧ બાદ આસામમાં ગેરદાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓ (વિદેશીઓ)ને ગેરકાયદે ઠેરવી દેશનિકાલ કરવાની જોગવાઈ.

કેમ થયો વિવાદ : ડિસેમ્બર, ૨૦૨૩માં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામુ દાખલ કરવામાં આવ્યું હતું કે, આ કલમ ભારતમાં ગેરકાયદે વસવાટની મર્યાદા અંગે સચોટ આંકડાઓ આપતી નથી કારણકે, ઘણા લોકો ચોરી-છુપાઈને દેશમાં પ્રવેશ્યા છે. જેથી તે તમામને નાગરિકતા આપવી યોગ્ય નથી. અમુક જૂથોએ પણ આ કલમથી સ્થાનિક સંસ્કૃતિ, પરંપરા અને ભાષા પર જોખમ થઈ રહ્યું હોવાનું જણાવતા ફરિયાદ કરી હતી.

---

### રોકાણકારોને ૬ લાખ કરોડ રૂપિયાનું નુકસાન

# ઓટો-એફએમસીજી અને મિડકેપ શેરમાં કડાકાને પગલે શેરબજારમાં હાહાકાર

## સેન્સેક્સ ૫૦૦ પોઇન્ટ ઘટીને ૮૧,૦૦૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૨૧ પોઇન્ટના ઘટાડા સાથે ૨૪,૭૫૦ પોઇન્ટ્સ પર બંધ રહ્યો છે

મુંબઈ, તા.૧૭

ગુરુવારના ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેર બજારમાં રોકાણકારોના વેચાણને કારણે મોટો ઘટાડો જોવા મળ્યો છે. બજાજ ઓટો સહિત અન્ય ઓટો શેરોમાં ઘટાડાને કારણે આ સુનામી આવી છે. આ ઉપરાંત એફએમસીજી અને બેન્કિંગ શેરોમાં પણ મોટું વેચાણ જોવા મળ્યું. મિડકેપ અને સ્મોલકેપ શેરો પણ આ ઘટાડાની અસર હેઠળ આવ્યા છે. બજાર બંધ થતાં **BSE** સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટ ઘટીને ૮૧,૦૦૬ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૨૧ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૭૫૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો છે.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૯ સ્ટોક્સ વધારા સાથે અને ૨૧ ઘટાડા સાથે બંધ થયા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૯માં વધારો અને ૪૧માં ઘટાડો નોંધાયો. વધારો નોંધાવનારા શેરોમાં ઈન્ફોસિસ ૨.૮૪%, ટેક મહિન્દ્રા ૨.૮૧%, પાવર ગ્રિડ ૧.૨૧%, એસબીઆઈ ૦.૭૩%, રિલાયન્સ ૦.૧૯%ના વધારા સાથે બંધ થયા. ઘટાડો નોંધાવનારા શેરોમાં બજાજ ઓટો ૧૩.૧૧%, શ્રીરામ ફાઈનાન્સ ૪.૧૧%, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૩.૫૨%, નેસ્લે ૩.૪૪%, હીરો મોટોકોર્પ ૩.૩૯%ના ઘટાડા સાથે બંધ થયા.આજના કારોબારમાં સૌથી મોટી અસર ઓટો શેરો પર પડી છે. બજાજ ઓટોની આગેવાનીમાં નિફ્ટીનો ઓટો ઈન્ડેક્સ ૯૨૮ પોઈન્ટ અથવા ૩.૫૮%ના ઘટાડા સાથે બંધ થયો છે. નિફ્ટીના **FMCG** ઈન્ડેક્સમાં ૧,૦૧૭ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સ્ટોક્સમાં વેચાણને કારણે નિફ્ટીના આ સેક્ટરનો ઈન્ડેક્સ ૯૪૫ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો છે. નિફ્ટી બેંક ૫૧૨ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો છે. આ ઉપરાંત ફાર્મા, મેટલ્સ, એનર્જી, ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર સેક્ટરના શેરો પણ નીચા ભાવે બંધ થયા. નિફ્ટીનો મિડકેપ ઈન્ડેક્સ ૯૮૬ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૨૩૯ પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયો છે. માત્રે શેરોમાં વધારો જોવા મળ્યો છે. ભારતીય શેર બજારમાં આવેલા તીવ્ર ઘટાડાને કારણે ગુરુવારના સેશનમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. મ્જીઈ પર લિસ્ટેડ સ્ટોક્સનું માર્કેટ કેપ ૪૫૭.૨૬ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું છે, જે અગાઉના સેશનમાં ૪૬૩.૨૯ લાખ કરોડ રૂપિયા પર બંધ થયું હતું. આજના સેશનમાં રોકાણકારોને ૬ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

વૈશ્વિક ઓઈલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૭ ટકા વધીને ૭૪.૪૨ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. બુધવારે સતત બીજા દિવસે ઘટીને મ્જીઈ સેન્સેક્સ ૩૧૮.૭૬ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૮૧,૫૦૧.૩૬ પર બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટી ૮૬.૦૫ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા ઘટીને ૨૪,૯૭૧.૩૦ પોઈન્ટ પર બંધ થયો હતો.

---

### મધ્યપ્રદેશ હાઈકોર્ટે આવી શરતે આપ્યા આરોપીને જામીન

# ત્રિરંગાને દર મહિને ૨૧ સલામી આપીને ભારત માતાની જય બોલવું પડશે

## પંચરની દુકાન ચલાવતા ફૈઝાને પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા હતા અને ભારત મુર્દાબાદ કહ્યું હતું

જબલપુર,તા.૧૭

મધ્યપ્રદેશના જબલપુરમાં આવેલી હાઈકોર્ટે દેશ વિરોધી નારા લગાવનારા આરોપીને અનોખી શરતો પર જામીન આપ્યા છે, જેની સમગ્ર રાજ્યમાં ચર્ચા થઈ રહી છે. હાઈકોર્ટે આરોપીને કહ્યું છે કે, તેણે દર મહિને દેશના ગુણગાન ગાવા પડશે. ઉલ્લેખનીય છે કે, આરોપી ફૈઝાન ખાને દેશ વિરોધી નારા લગાવ્યા હતા અને તેનો વીડિયો વાયરલ થયો હતો. આ પછી પોલીસે તેની ધરપકડ કરીને જેલમાં મોકલી દીધો હતો. આ પછી આરોપી વિરુદ્ધ કોર્ટમાં સુનાવણી શરૂ થઈ, જેમાં તે જામીન માટે અરજી કરતો રહ્યો, પરંતુ હવે જબલપુર હાઈકોર્ટે તેને શરતો સાથે જામીન આપી દીધા છે.

જબલપુર હાઈકોર્ટે આરોપીને એક શરત સાથે જામીન આપતા કહ્યું કે, ''તેણે દર મહિને ૨૧ વખત ત્રિરંગાને સલામી આપવી પડશે અને બે વખત 'ભારત માતા કી જય' બોલવું પડશે.'' આ કેસની સુનાવણી જસ્ટિસ દિનેશ કુમાર પાલીવાલે કરી હતી. જસ્ટિસ પાલીવાલે પોતાના આદેશમાં કહ્યું કે, મંડીદીપ (રાયસેન)ના રહેવાસી ફૈઝાન ખાને ભોપાલના મિસરોડ પોલીસ સ્ટેશનની સામે લગાવવામાં આવેલા ત્રિરંગા સામે આ શરત પૂરી કરવી પડશે. ફૈઝાન ખાને કેસ પૂરો ન થાય ત્યાં સુધી દર મહિનાના પહેલા અને ચોથા મંગળવારે સવારે ૧૦ થી ૧૨ વાગ્યાની વચ્ચે આ પ્રક્રિયા કરવી પડશે.

રાજધાની ભોપાલ પાસેના મિસરોડમાં પંચરની દુકાન ચલાવતા ફૈઝાન નામના વ્યક્તિએ પાકિસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા હતા અને ભારત મુર્દાબાદ કહ્યું હતું. ૧૭ મે, ૨૦૨૪ના રોજ આ વીડિયો વાયરલ થયા બાદ, બજરંગ દળે તેનો વિરોધ કર્યો અને આ યુવકની ધરપકડની માંગ કરી, ત્યારબાદ મિસરોડ પોલીસે કલમ ૧૫૩ **(B)** હેઠળ કેસ નોંધીને તેની ધરપકડ કરી.

મહત્ત્વપૂર્ણ છે કે, મામલો ૧૭ મે, ૨૦૨૪નો છે, જ્યારે ફૈઝાનનો 'પાકિસ્તાન ઝિંદાબાદ, ભારત મુર્દાબાદ'ના નારા લગાવતો વીડિયો વાયરલ થયો હતો. પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ **153B** હેઠળ ફૈઝાનની ધરપકડ કરી હતી.

તેની સામે ૧૨ અન્ય ગુનાઈત કેસ પણ નોંધાયેલા છે. તે જ સમયે, ફરિયાદ પક્ષે કોર્ટમાં કહ્યું હતું કે, ફૈઝાનનું પગલું રાષ્ટ્રીય એકતા અને સૌહાર્દને નુકસાન પહોંચાડનારું છે, તેથી તેને જામીન ન મળવા જોઈએ. બચાવ પક્ષે દલીલ કરી હતી કે,ફૈઝાનને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે. તે આ દેશનો નાગરિક છે. તમામ દલીલો ધ્યાને લઈ હાઈકોર્ટે શરતો સાથે જામીન મંજૂર કર્યા છે.

---

### ભાજપ અને આરએસએસને ઘેર્યું

# ન્યાયની દેવીની આંખો પરથી પટ્ટી હટાવવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય પર ભડક્યા સંજય રાઉત

## કોર્ટનું કામ બંધારણની રક્ષા કરવાનું છે અને બંધારણ હેઠળ ન્યાય કરવાનું છે : શિવસેનાના UBTના સાંસદ

મુંબઈ, તા.૧૭

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ મોટો ફેરફાર કર્યો છે. સુપ્રીમ કોર્ટમાં 'લેડી ઑફ જસ્ટિસ' એટલે કે ન્યાયની દેવીની નવી પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિમાની આંખો પરથી પટ્ટી હટાવી દેવામાં આવી છે, જે અત્યાર સુધી કાયદો આંધળો હોવાનું દર્શાવે છે. સાથે જ તેમના હાથમાં તલવારની જગ્યાએ બંધારણનું પુસ્તક આપવામાં આવ્યું છે. આ પ્રતિમા સુપ્રીમ કોર્ટના જજોની લાઈબ્રેરીમાં સ્થાપિત કરવામાં આવી છે. જોકે, સુપ્રીમ કોર્ટના આ મોટા નિર્ણય પર રાજનીતિ શરૂ થઈ ગઈ છે. શિવસેના-ઉદ્ધવ બાલાસાહેબના નેતા સંજય રાઉતે કોર્ટના આ નિર્ણયની ટીકા કરી છે અને ભાજપ-**RSS** પર નિશાન સાધ્યું છે.શિવસેનાના **UBT**ના સાંસદ સંજય રાઉતે ન્યાયની દેવીની આંખો પરથી પટ્ટી હટાવવાના નિર્ણય પર સવાલ ઉઠાવતા કહ્યું કે, કોર્ટનું કામ બંધારણની રક્ષા કરવાનું છે અને બંધારણ હેઠળ ન્યાય કરવાનું છે. પરંતુ અત્યારે સુપ્રીમ કોર્ટમાં શું થઈ રહ્યું છે? આખરે તેઓ ન્યાયની દેવીના હાથમાંથી તલવાર હટાવીને તેની જગ્યાએ બંધારણનું પુસ્તર લાવીને શું સાબિત કરવા માગે છે?'રાઉતે આગળ કહ્યું કે, તેઓ પહેલાથી જ બંધારણની હત્યા કરી ચૂક્યા છે અને હવે ન્યાયની દેવીની આંખો પર બાંધેલી પટ્ટી હટાવીને તેઓ તમામને ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર અને બંધારણની હત્યા દેખાડવા માગે છે. આ ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)**નો પ્રોપેગેન્ડા અને અભિયાન છે. સામાન્ય રીતે આપણે ફિલ્મો, સિરિયલો અને બીજા ઘણા માધ્યમોમાં જ્યારે અદાલત જોઈએ ત્યારે ન્યાયાધિશની બાજુમાં ન્યાયની દેવીની મૂર્તિ હોય છે. ન્યાયની દેવીની મૂર્તિ ઉપર આંખે પાટા બાંધેલા અને હાથમાં તલવાર રાખેલી તથા બીજા હાથમાં ત્રાજવું રાખેલું હોય છે. ન્યાયની આ દેવીને ધ્યાનમાં રાખીને અંધા કાનૂન અને બીજી ઘણી ફિલ્મો બનેલી છે. આ ન્યાયની દેવીની મૂર્તિમાં હવે મોટું પરિવર્તન આવ્યું છે. ભારત સરકાર દ્વારા અંગ્રેજોના સમયથી ચાલતા આવતા ન્યાયંત્રને ભારતીય વ્યવસ્થા અનુરૂપ બદલવાની મોટી કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેના પગલે આ વર્ષે ભારતીય ન્યાય સંહિતા લાગુ કરવામાં આવી. હવે ભારતીય ન્યાયતંત્રના પ્રતિક રૂપે ન્યાયની દેવીનું પણ સ્વરૂપ બદલવામાં આવ્યું છે. સીજેઆઈ ડી.વાય.ચંદ્રચૂડની ભલામણ બાદ ન્યાયની દેવીનું સ્વરૂપ બદલવામાં આવ્યું છે. નવા સ્વરૂપ સાથેની પ્રતિમાઓ જજની લાઈબ્રેરીમાં મુકવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ન્યાયની દેવીના નવા સ્વરૂપમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. અંધા કાનૂનને દર્શાવતી દેવીની પ્રતિમાની આંખો ઉપરથી કાળી પટ્ટી દૂર કરવામાં આવી છે. હવે ન્યાયની દેવી બધું જ જોઈ શકે છે. આ ઉપરાંત તેમની મૂર્તિના એક હાથમાં ત્રાજવું યથાવત્ છે જે તમામ લોકોને સમાન ત્રાજવે તોલીને ન્યાય કરે છે. બીજી તરફ બીજા હાથમાંથી તલવાર લઈ લેવાઈ છે અને તેના સ્થાને બંધારણ આપવામાં આવ્યું છે. સીજેઆઈનું માનવું હતું કે, તલવાર તો હિંસાનું પ્રતિક છે. કોર્ટ હિંસા નથી કરતી તે તો ન્યાય કરે છે જે હિંસાનું સમર્થન કરનાર ન હોઈ શકે. તેના પગલે જ તલવાર ના બદલે હવે બંધારણ રાખવામાંઆવ્યુંછે.

---

### ચૂંટણી પંચ ટેન્શનમાં મૂકાયું

# શહેરી મતદારોની નિરસતા લોકતંત્રને નબળું બનાવી રહી છે

## આગામી દિવસોમાં મહારાષ્ટ્ર-ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી મતદાનને લઈને શહેરી ક્ષેત્રોમાં ચિંતાજનક સ્થિતિ

નવી દિલ્હી, તા.૧૭

ચૂંટણી પંચે શહેરી ક્ષેત્રોમાં મતદાનને લઈને મતદારોની નિરસતા પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું કે, 'શહેરી મતદારોની નિરસતા લોકતંત્રને નબળું બનાવી રહી છે.' આગામી દિવસોમાં મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. મહારાષ્ટ્રમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં શહેરી વિસ્તારોમાં મતદાન રાજ્યના સરેરાશ મતદાન કરતાં ઘણું ઓછું હતું. મતદાનને લઈને શહેરી ક્ષેત્રોમાં ખૂબ જ ચિંતાજનક સ્થિતિ છે.'

મજબૂત લોકતંત્ર માટે એ જરૂરી છે કે સરકારને ચૂંટવા માટે વધુને વધુ લોકોની ભાગીદારી હોય, પરંતુ એવું નથી થઈ રહ્યું. દરેક ચૂંટણીમાં હજુ પણ મોટી સંખ્યામાં મતદારો ભાગ નથી લઈ રહ્યા. ખાસ કરીને શહેરી ક્ષેત્રોમાં ચિંતાજનક સ્થિતિ છે, જ્યાં રાજ્યમાં સરેરાશ મતદાન કરતાં લગભગ ૨૦% ઓછું મતદાન થાય છે.

એક અહેવાલ પ્રમાણે ૨૦૧૯માં મહારાષ્ટ્રની ચૂંટણીમાં કુલ ૬૪ શહેરી વિધાનસભા બેઠકોમાંથી ૬૨ પર રાજ્યમાં થયેલા સરેરાશ મતદાન કરતાં ઓછું મતદાન થયું હતું. તેમાં કોલાબા, કલ્યાણ, વર્સોવા અને અંધેરી વેસ્ટ જેવી બેઠકો પર રાજ્યના સરેરાશ મતદાન કરતાં લગભગ ૨૦% ઓછું મતદાન થયું હતું.હરિયાણામાં તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં સરેરાશ ૬૭.૯% મતદાન થયું હતું. ગુરુગ્રામમાં ૫૧.૮૧% અને ફરીદાબાદમાં ૫૩.૭૪% મતદાન થયું હતું. જે હરિયાણામાં સરેરાશ મતદાન કરતાં લગભગ ૧૪ થી ૧૬% ઓછું હતું. પંચકુલા, બલ્લભગઢ, સોનીપત, કરનાલ અને બાદશાહપુરમાં પણ સરેરાશ કરતા ૮ થી ૧૫% ઓછું મતદાન થયું હતું.

શહેરી મતદારોની આ નિરસતા માત્ર રાષ્ટ્રીય અને રાજ્યની ચૂંટણીઓમાં જ નહીં પરંતુ ત્યાં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીઓમાં પણ જોવા મળી છે. એક અહેવાલ પ્રમાણે લખનઉ જેવા શહેરમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીમાં સરેરાશ ૫૯% મતદાન થાય છે. જ્યારે નાગરિક ચૂંટણીમાં માત્ર ૩૯% મતદાન થાય છે.

આવી જ સ્થિતિ ચેન્નાઈ, હૈદરાબાદ, મુંબઈ, પટના અને રાંચી જેવા શહેરોમાં જોઈ શકાય છે. આવી સ્થિતિ ત્યારે બની રહી છે જ્યારે શહેરી મતદારો જ પોતાની માગણીઓ અને મુદ્દાઓને લઈને સૌથી વધુ અવાજ ઉઠાવતા જોવા મળે છે.ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે બુધવારે ઝારખંડ અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીઓ માટે તહેનાત નિરીક્ષકોને ચેતવણી આપી હતી કે ચૂંટણી પ્રક્રિયાને નુકસાન પહોંચાડનારા ખોટા નિવેદનોના જોખમથી સાવચેત રહેવા જેથી ખોટી માહિતીનો ઝડપથી સામનો કરી શકાય. તેમણે ખોટી માહિતીઓ પર તાત્કાલિક પ્રતિક્રિયા આપવા જણાવ્યું છે.

---

### પીએમ મોદીની હાજરીમાં લીધા શપથ

# નાયબ સિંહ સૈની બન્યા હરિયાણાના નવા મુખ્યમંત્રી

## નાયબ સિંહ સૈનીએ પંચકુલામાં પદ અને ગુપ્તતાના શપથ લીધા : ૧૪ ધારાસભ્યો પણ મંત્રી તરીકે શપથ લીધા

ચંદીગઢ, તા.૧૭

નાયબ સિંહ સૈનીની બીજી વખત હરિયાણાના મુખ્યમંત્રી તરીકે તાજપોશી કરવામાં આવી છે. પંચકુલાના શાલીમાર ગ્રાઉન્ડ ખાતે આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ બંડારુ દત્તાત્રેયે તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ દરમિયાન ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ અને મુખ્યમંત્રીઓએ ભાગ લીધો હતો. અનિલ વિજ સહિત ૧૩ ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લીધા હતા. માનવામાં આવી રહ્યું છે કે સૈનીની કેબિનેટમાં જ્ઞાતિ સમીકરણનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે. આ અવસર પર પીએમ મોદી, કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, અમિત શાહ અને ભાજપ અને એનડીએ સહયોગી શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર છે. આ શપથ ગ્રહણ કાર્યક્રમમાં હજારો લોકોએ ભાગ લીધો હતો.

નાયબ સિંહ સૈની બાદ અનિવ વિજે મંત્રી તરીકે શપથ લીધા. અનિલ વિજ હરિયાણામાં ભાજપના સૌથી વરિષ્ઠ ધારાસભ્ય છે. તેઓ અંબાલા કેન્ટ મતવિસ્તારમાંથી સતત સાતમી વખત જીત્યા. વિજ મનોહર લાલ ખટ્ટરની સરકારમાં હરિયાણાના ગૃહમંત્રી હતા. વિજે આરોગ્ય અને રમતગમત જેવા ઘણા પોર્ટફોલિયો પણ સંભાળ્યા છે. ૨૦૧૪ પહેલા તેઓ રાજ્યમાં બીજેપી વિધાયક દળના નેતા હતા. ત્યારબાદ કૃષ્ણ લાલ પંવાર, રાવ નરબીર સિંહ, મહિપાલ ઢાંડા, વિપુલ ગોયલે મંત્રી પદના શપથ લીધા હતા.

અનિલ વિજ બાદ ભાજપના ધારાસભ્ય કૃષ્ણલાલ પંવારે મંત્રી પદના શપથ લીધા. તેઓ બીજી વખત મંત્રી બન્યા છે. પંવાર દલિત સમુદાયમાંથી આવે છે. કૃષ્ણલાલ પંવાર પાણીપતની ઈસરાના સીટના ધારાસભ્ય છે. તેમણે કુલ સાત વખત વિધાનસભાની ચૂંટણી લડી હતી, જેમાંથી તેઓ પાંચ વખત જીત્યા હતા. પંવારે તાજેતરમાં રાજ્યસભાના સાંસદ પદેથી રાજીનામું આપ્યું હતું. કૃષ્ણલાલ એક સમયે પાણીપતના થર્મલ પ્લાન્ટમાં વીજળી બોર્ડના કર્મચારી હતા. તેણે **INLD**થી પોતાની રાજકીય ઈનિંગ શરૂ કરી હતી. તેઓ **INLD** છોડીને ૨૦૧૪માં ભાજપમાં જોડાયા હતા.

---

# મોંઘવારી ભથ્થામાં 3% નો વધારો કરવા સરકારને રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા.૧૭

કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બુધવારે ૩ ટકાનો વધારો કર્યો હતો. કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થાને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી હતી. કેન્દ્ર સરકારની જાહેરાત પ્રમાણે કેન્દ્રીય કર્મચારીઓ [redacted] છે કે ગઈકાલે કેન્દ્ર સરકારે કેન્દ્રીય કર્મચારીના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો કરતા કર્મચારી મંડળે આ માગ કરી છે.બુધવારે પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય કર્મચારીઓને હવે ૫૩ ટકાના દરે મોંઘવારી ભથ્થું આપવામાં આવશે. આ ભથ્થાની જાહેરાત ભલે ઓક્ટોબરમાં કરવામાં આવી હોય પરંતુ તેને લાગૂ ૧ જુલાઈથી માનવામાં આવશે. એટલે કે દિવાળી પહેલા કેન્દ્રીય કર્મચારીઓને ત્રણ મહિનાનું એરિયર પણ ચૂકવવામાં આવશે. મહત્વનું છે કે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વર્ષમાં બે વખત વધારો કરવામાં આવે છે. આ મોંઘવારી ભથ્થું ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈથી લાગૂ પડે છે. મોંઘવારીથી રાહત આપવા માટે સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપવામાં આવે છે.

---

### ચક્રવાતી તોફાન તબાહી મચાવશે!

# ૧૮ થી ૨૧ ઓક્ટોબર સુધી મુશળધાર પડશે વરસાદ

## દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં પ્રેશર ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ ગયું છે : ઘણા વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના

નવી દિલ્હી, તા.૧૭

દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં લો પ્રેશર રચાયું છે. તે ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થઈ ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તે ૧૭ ઓક્ટોબરની સવારે પુડુચેરી અને નેલ્લોર વચ્ચેના દરિયાકાંઠે અથડાઈ શકે છે. દક્ષિણ વિસ્તારમાં વાવાઝોડાની એન્ટ્રીના કારણે ભારે વરસાદની સંભાવના છે. તોફાનની સૌથી વધુ અસર કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં જોવા મળી શકે છે. આ સિવાય અન્ય ઘણા રાજ્યોમાં પણ વરસાદની સંભાવના છે.ચક્રવાતની સૌથી વધારે અસર કર્ણાટકમાં જોવા મળી રહી છે. રાજધાની બેંગલુરુમાં વરસાદ ચાલુ છે. બુધવારે પણ ઘણી જગ્યાએ ભારે વરસાદ પડ્યો હતો. અનેક વિસ્તારોમાં પાણી ભરાવા અને ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. બેંગલુરુમાં ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે, જ્યાં સતત વરસાદને કારણે મંગળવારે ઘણા વિસ્તારો ડૂબી ગયા હતા. વરસાદના કારણે બુધવારે બેંગલુરુમાં ભારત અને ન્યુઝીલેન્ડની ક્રિકેટ ટીમો વચ્ચે પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચનો પ્રથમ દિવસ રમાઈ શક્યો ન હતો. દક્ષિણ-પશ્ચિમ રેલ્વેએ બેસિન બ્રિજ જંકશન અને વ્યાસપાડી રેલ્વે સ્ટેશનો વચ્ચેના ટ્રેક પર પાણી ભરાઈ જવાને કારણે ઘણી ટ્રેનો રદ કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી ત્રણથી ચાર દિવસ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ઉડુપી, ઉત્તર કન્નડ, શિવમોગ્ગા, ચિક્કમંગાલુરુ, ચિત્રદુર્ગ, દાવણગેરે અને તુમકુરુ જિલ્લામાં આજે એટલે કે ગુરુવારે ભારે વરસાદની સંભાવના છે. આ સિવાય આંદામાન અને નિકોબારમાં પણ ભારે વરસાદ પડી શકે છે.કેરળમાં પણ વરસાદી માહોલ જારી છે. ભારતીય હવામાન વિભાગે કેરળના બે જિલ્લાઓ - ઉત્તર મલપ્પુરમ અને કન્નુર માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. વિભાગે અનેક વિસ્તારોમાં મુશળધાર વરસાદની સંભાવના વ્યકત કરી છે. હવામાન વિભાગે રાજ્યના દસ જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી છે: પથાનમથિટ્ટા, અલપ્પુઝા, કોટ્ટાયમ, ઈડુક્કી, એર્નાકુલમ, થ્રિસુર, પલક્કડ, કોઝિકોડ, વાયનાડ અને કાસરગોડમાં વરસાદ વરસી શકે છે. આ પહેલા બુધવારે કેરળના ઘણા ભાગોમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો.બુધવારે ચેન્નાઈ સહિત તમિલનાડુના ઉત્તરીય ક્ષેત્રના મોટાભાગના વિસ્તારોમાં વરસાદથી રાહત મળી હતી. મંગળવારે ભારે વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કાર્ય ચાલુ રહ્યું હતું. ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે બંગાળની ખાડી પર દબાણ ક્ષેત્ર ચેન્નાઈથી લગભગ ૩૬૦ કિલોમીટર પૂર્વ-દક્ષિણપૂર્વમાં, પુડુચેરીથી ૩૯૦ કિલોમીટર પૂર્વમાં અને આંધ્ર પ્રદેશમાં નેલ્લોરથી ૪૫૦ કિલોમીટર દક્ષિણપૂર્વમાં છે. વિભાગના જણાવ્યા અનુસાર, દબાણ ક્ષેત્ર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને ૧૭ ઓક્ટોબરની સવારે ચેન્નાઈ નજીક પુડુચેરી અને નેલ્લોર વચ્ચે ઉત્તરી તમિલનાડુ-દક્ષિણ આંધ્રપ્રદેશના દરિયાકાંઠાને પાર કરે તેવી શક્યતા છે.સ્કાયમેટ વેધરના અહેવાલ મુજબ, આજે તમિલનાડુ, કેરળ, દક્ષિણ આંતરિક કર્ણાટક અને તટીય આંધ્ર પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. તેલંગાણા અને કોંકણ અને ગોવામાં એક કે બે સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. વિદર્ભ, મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને દક્ષિણ મધ્યપ્રદેશમાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. પૂર્વોત્તર ભારત, સિક્કિમ, ઓડિશા, છત્તીસગઢ, દક્ષિણ-પૂર્વ રાજસ્થાન, લક્ષદ્વીપ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવો વરસાદ પડી શકે છે.

### વાવમાં ખરાખરીનો જંગ!

# વાવમાં ઉમેદવારી કરવા ભાજપના નેતાઓની લાંબી લાઈન લાગી

## ૭૦ થી વધુ ઉમેદવારો પોતાની દાવેદારી નોંધાવવા પહોંચ્યા

બનાસકાંઠા, તા.૧૭

વાવ વિધાનસભાની પેટા ચૂંટણી જાહેર થતાની સાથે જ રાજકીય ગરમાવો આવ્યો છે. ભાજપ અને કોંગ્રેસમાં ટીકીટ લેવા માટે અનેક ઉમેદવારો લોબિંગ કરી રહ્યા છે ત્યારે ભાજપ દ્વારા આજે ભાભરના લોહાણા સમાજની વાડીમાં ભાજપના નિરીક્ષક જનક પટેલ,દર્શનાબેન વાઘેલા યમલ વ્યાસ દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે જ્યાં ૭૦થી વધુ ઉમેદવારો અને તેમના સમર્થકો ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા છે.વાવ વિધાનસભાની પેટા ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો આવ્યો છે. ત્યારે આ વિધાનસભાની સીટ કબજે કરવા માટે આ વખતે ભાજપ અને કોંગ્રેસ પક્ષ કોઈપણ કચાશ રાખવા માંગતા નથી, ત્યારે અનેક ટીકીટ વાંછુક ઉમેદવારો ટીકીટ મેળવવા માટે એડીચોટીનું જોર લગાવી લોબિંગ કરી રહ્યા છે. ભાજપ પક્ષ દ્વારા આજે ભાભરની લોહાણા વાડીમાં ભાજપના નિરીક્ષક જનક પટેલ,દર્શના વાઘેલા અને યમલ વ્યાસ ઉમેદવારોના સેન્સ લેવા પહોંચ્યા હતા. જ્યાં ૭૦ થી વધુ ઉમેદવારો પોતાની દાવેદારી નોંધાવવા પોતાના સમર્થકો સાથે પહોંચ્યા છે. વાવ વિધાનસભાની ૨૦૨૨માં ગેનીબેન સામે ચૂંટણી હારેલા સ્વરૂપજી ઠાકોર, નૈકાબેન પ્રજાપતિ, અમીરામ આસલ, પીરાજી ઠાકોર,ગજેન્દ્રસિંહ રાણા, ખેમજીભાઈ ઠાકોર, તારાબેન ઠાકોર, કાનજીભાઈ રાજપૂત સહિતના અનેક નેતાઓ પોતાની દાવેદારી નોંધાવવા પહોંચ્યા છે. જ્યાં ભાજપના ત્રણેય નિરીક્ષકો એક બાદ એક ઉમેદવારોને બોલાવીને તેમને સાંભળી રહ્યા છે તેમજ ઝીણવટભરી વિગતો મેળવી રહ્યા છે. જોકે નિરીક્ષકો સાંજ સુધી તમામ ઉમેદવારોને સાંભળશે તે બાદ રિપોર્ટ તૈયાર કરીને પ્રદેશ કક્ષાએ મોકલશે, જે બાદ અનેક સમીકરણો જોઈને ભાજપ ઉમેદવારને પસંદ કરશે

ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરે કહ્યું કે, હું મારી ઉમેદવારી નોંધાવવા આવ્યો છું. ૨૦૨૨માં હું અપક્ષ લડ્યો હતો અને ૨૬ હજાર જેટલા મત મેળવ્યા હતા..મને ટીકીટ મળે તો હું ચોક્કસ જીતીશ. તો રાજવી પરિવારના ગજેન્દ્રસિંહ રાણાએ પણ ઉમેદવારી કરી છે. તેમણે કહ્યું કે, હું આજે અહીં મારી ઉમેદવારી નોંધાવવા આવ્યો છું..જો મને ટીકીટ મળે તો હું જીત અપાવીશ. આ ઉપરાંત અન્ય ઉમેદવાર પીરાજી ઠાકોરે કહ્યું કે, હું ઘણા વર્ષથી રાજકારણ સક્રિય છું આ વિસ્તારમાંથી વાકેફ છું આજે હું મારી દાવેદારી નોંધાવવા આવ્યો છું. નિરીક્ષક યમલ વ્યાસે જણાવ્યું કે, આજે અમે ત્રણ નિરીક્ષકો સેન્સ લઈ રહ્યા છીએ તમામ ઉમેદવારોને સાંભળી વિગતો લઈને પ્રદેશમાં મોકલીશું.

### ટેક્સ કલેક્શન છેલ્લા ૧૦ વર્ષમાં બમણું થઈ ગયું

# મોદી શાસનમાં ટેક્સ કલેક્શનમાં ૧૮૨%નો વધારો નોંધાવા પામ્યો

## ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં ડાયરેક્ટ ટેક્સનું કલેક્શન ૧૯.૬૦ લાખ કરોડ રૂપિયા હતુ

નવી દિલ્હી, તા.૧૭

જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ માં દેશમાં શાસનની ધૂરા સંભાળી ત્યારે તેમની સરકારે દેશમાં ઘણા આર્થિક સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આમાંથી એક દેશમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન વધારવા માટેનો સુધારો પણ હતો. હવે તેના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૮૨ ટકાનો વધારો થયો છે. શું તમે જાણો છો કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલો ટેક્સ વસૂલવામાં આવ્યો છે ?

ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાં ડાયરેક્ટ ટેક્સનું કલેક્શન ૧૯.૬૦ લાખ કરોડ રૂપિયા હતું. ડાયરેક્ટ ટેક્સનું આ કલેક્શન નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ની સરખામણીએ પ્રત્યક્ષ કર સંગ્રહની તુલનામાં કુલ ૧૮૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આવકવેરા વિભાગના નવા અહેવાલ મુજબ, કોર્પોરેટ ટેક્સ કલેક્શન છેલ્લા ૧૦ વર્ષમાં બમણું થઈ ગયું છે અને હવે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૯.૧૧ લાખ કરોડથી વધુ થઈ ગયું છે. આ સમયગાળા દરમિયાન વ્યક્તિગત કર વસૂલાતમાં પણ લગભગ ચાર ગણો વધારો થયો છે. તે ૧૦.૪૫ લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે.

૨૦૧૪-૧૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના કાર્યકાળના પ્રથમ વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન લગભગ ૬.૯૬ લાખ કરોડ રૂપિયા હતું. જેમાં આશરે રૂ. ૪.૨૯ લાખ કરોડ કોર્પોરેટ ટેક્સ અને રૂ. ૨.૬૬ લાખ કરોડનો વ્યક્તિગત આવકવેરોનો સમાવેશ થાય છે.

દેશમાં માત્ર આવકવેરાની વસૂલાત જ નથી વધી પરંતુ આવકવેરા રિટર્ન ફાઈલ કરનારા લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૪.૦૪ કરોડે઼ઈ ફાઈલ કરવામાં આવેલા. જેની સંખ્યા વધીને ૨૦૨૩-૨૪માં ૮.૬૧ કરોડથી વધુ થઈ ગઈ છે. જ્યારે, દેશમાં પ્રત્યક્ષ કર અને જીડીપીનો ગુણોત્તર ૨૦૧૪-૧૫માં ૫.૫૫ ટકાથી વધીને ૨૦૨૩-૨૪માં ૬.૬૪ ટકા થયો હતો. કરદાતાઓની સંખ્યા આકારણી વર્ષ ૨૦૧૪-૧૫માં ૫.૭૦ કરોડ હતી, જે મૂલ્યાંકન વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૧૦.૪૧ કરોડ થઈ ગઈ છે. ભારત સરકાર દેશની અર્થવ્યવસ્થાને સારી રીતે ચલાવી શકે તે માટે ઘણા પ્રકારના કર વસૂલ કરે છે. જેમાં ડાયરેક્ટ ટેક્સ અને ઈનડાયરેક્ટ ટેક્સ બંનેનો સમાવેશ થાય છે. ડાયરેક્ટ ટેક્સમાં મુખ્યત્વે કોર્પોરેટ ટેક્સ અને ઈક્રમ ટેક્સનો સમાવેશ થાય છે. જ્યારે GST, કસ્ટમ ડ્યુટી વગેરે પરોક્ષ કરમાં સામેલ છે.

### સનાતન હિન્દુ ધર્મીઓ હજારોની સંખ્યામાં હાજરી આપી હતી

# ગુજરાત કોંગ્રેસ શંકરાચાર્યજીની ગૌ માતાને રાજ્ય માતા ઘોષિત કરતું બિલ લાવશે

## ગુજરાત કોંગ્રેસ શંકરાચાર્યજીની ગૌ માતાને રાજ્ય માતા ઘોષિત કરવાની વાતને સમર્થન આપે છે

અમદાવાદ,તા.૧૭

ગૌ માતા રાષ્ટ્ર માતા અભિયાન અંતર્ગત શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદજીનું અમદાવાદમાં આગમન થયું છે. ગુજરાત કોંગ્રેસ શંકરાચાર્યજીની ગૌ માતાને રાજ્ય માતા ઘોષિત કરવાની વાતને સમર્થન આપે છે અને આવનારા વિધાનસભા સત્રની અંદર તેના માટે બિલ પણ લાવશે તેમ અમિત ચાવડાએ જણાવ્યું હતું. આજ રોજ સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે “ગૌ માતા રાષ્ટ્રમાતા અભિયાન” અંતર્ગત ગાયને પશુ સૂચિમાંથી હટાવી રાષ્ટ્રીય દરજ્જો અપાવવાના ધ્યેય સાથે પરમારાધ્ય પરમધર્માધીશ જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરનંદજી અને દેશ અને ગુજરાતના જાણીતા સનાતની સાધુ સંતો, ધર્મગુરુઓ ગુજરાત રાજયની પાવનધરાના પ્રમુખ શહેર અમદાવાદના આગણે પધાર્યા હતા. ઉપરોક્ત આયોજનમાં સમગ્ર ગુજરાતમાંથી સનાતન હિન્દુ ધર્મીઓ હજારોની સંખ્યામાં હાજરી આપી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ વિધાનસભા વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ શંકરાચાર્યજીની ઉપસ્થિતિમાં જણાવ્યું હતું કે ગુજરાત કોંગ્રેસ શંકરાચાર્યજીની ગૌ માતાને રાજ્ય માતા ઘોષિત કરવાની વાતને સમર્થન આપે છે અને આવનારા વિધાનસભા સત્રની અંદર તેના માટે બિલ પણ લાવશે.બનાસકાંઠાના સંસદ સભ્ય ગેનીબેને જણાવ્યું હતું કે હું જ્યારે ચૂંટણી લડતી હતી તે વખતે જ મેં જગતગુરુ શંકરાચાર્ય સમક્ષ સંકલ્પ કર્યો હતો કે જો હું ચૂંટણી જીતીશ તો સંસદમાં ગાય માતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે સમગ્ર દેશને આહ્વહન કરીશ, સમગ્ર દેશમાં સૌથી વધારે પાંજરાપોળ એ બનાસકાંઠા વિસ્તારમાં આવેલી છે ગાય માતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા મારું સંપૂર્ણ સમર્થન રહેશે. સમગ્ર સભામાં હજારોની સંખ્યામાં હાજર રહેલ સનાતનની ધર્મ પ્રેમીઓએ જગતગુરુ શંકરાચાર્યજીની માગણીને સમર્થન આપતા પ્રતિજ્ઞા કરીને પોતાનું કર્તવ્ય વહન કર્યું હતું. ઉપરોક્ત કાર્યક્રમમાં, ધારાસભ્ય દિનેશજી ઠાકોર, અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ હિંમતસિંહ પટેલ, પૂર્વ મંત્રી બીમલ શાહ, પૂર્વ ધારાસભ્ય રઘુભાઈ દેસાઈ, બળદેવજી ઠાકોર, ઈન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડો. જીતુભાઈ પટેલ, અગ્રણી રાજુભાઈ જોશી, ડામરાજી રાજગોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલ તથા પ્રવક્તા પ્રગતિ આહીર તથા સોશિયલ મીડિયા ચેરમેન ભૂમન ભટ્ટ સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકર્તાઓએ હાજર રહીને ગૌમાતા રાષ્ટ્ર માતાનો ઉદ્‌ઘોષ કર્યો હતો.

### કેનેડાના દાવાઓની ખુલી પોલ, હવે ટ્રુડોએ કર્યો સ્વીકાર

# ‘ભારતને નિજ્જર હત્યાકાંડના એક પણ પુરાવા આપ્યા નથી’

## ટ્રુડોની આ કબૂલાત મહત્વની છે કારણ કે એક તરફ કેનેડા દાવો કરી રહ્યું છે કે તેણે નિજ્જર હત્યાકાંડ સાથે જોડાયેલા પુરાવા ભારતને આપ્યા છે

નવી દિલ્હી, તા.૧૭

ભારત અને કેનેડાના સંબંધોમાં તણાવના સમાચાર વચ્ચે જસ્ટિન ટ્રુડોએ મોટી કબૂલાત કરી હતી. ટ્રુડોએ સ્વીકાર્યું કે કેનેડાએ નિજ્જરની હત્યા સાથે સંબંધિત પુરાવા ભારતને આપ્યા નથી. ટ્રુડોએ સ્વીકાર્યું હતું કે તેમણે નિજ્જર હત્યાકાંડ સાથે સંબંધિત માત્ર ગુપ્ત માહિતી ભારતને આપી હતી. ટ્રુડોની આ કબૂલાત મહત્વની છે કારણ કે એક તરફ કેનેડા દાવો કરી રહ્યું છે કે તેણે નિજ્જર હત્યાકાંડ સાથે જોડાયેલા પુરાવા ભારતને આપ્યા છે. ભારતે આ દાવાને ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે કેનેડાએ નિજ્જરની હત્યા સંબંધિત કોઈ પુરાવા આપ્યા નથી.નોંધનીય છે કે ગત વર્ષે કેનેડામાં ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યા અને કેનેડા સરકાર દ્વારા આ ઘટનામાં ભારતની સંડોવણીના આરોપો બાદ બંને દેશો વચ્ચેનો તણાવ હવે કોઈનાથી છૂપાયેલો નથી. બંને દેશોએ એકબીજાના છ-છ રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે.વાસ્તવમાં ટ્રુડોએ હવે સ્વીકાર્યું છે કે તેમણે નિજ્જરની હત્યા અંગે ભારતને સાચા પુરાવા આપ્યા નથી. તેમણે કબૂલ્યું હતું કે નિજ્જરની હત્યા માટે ભારત પર જાહેરમાં આરોપ મૂકતા પહેલા કેનેડાએ માત્ર ગુપ્ત માહિતી પૂરી પાડી હતી. પરંતુ આને લગતા કોઈ પુરાવા આપવામાં આવ્યા ન હતા.ટ્રુડોએ કહ્યું કે મેં જી-૨૦માં પીએમ મોદી સાથે આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે આ દરમિયાન મોદીએ મને કહ્યું કે કેનેડામાં ઘણા લોકો ભારત સરકાર વિરુદ્ધ બોલે છે અને તેઓ આ લોકોની ધરપકડ થાય તેવું ઈચ્છે છેભારતીય વિદેશ મંત્રાલયે સોમવારે એક નિવેદન જાહેર કરીને કહ્યું કે કેનેડા સરકારે આરોપોના પુરાવા આપ્યા નથી. ભારતે ટ્રુડો પર રાજકીય લાભ માટે વોટ બેન્કની રાજનીતિમાં સામેલ થવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે તેમની માંગણીઓ છતાં કેનેડાએ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના કોઈ નક્કર પુરાવા રજૂ કર્યા નથી.જસ્ટિન ટ્રુડો શાસને નિજ્જરની હત્યા માટે ભારત પર આરોપ લગાવ્યો હતો અને ત્યારથી બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે. સપ્ટેમ્બર ૨૦૨૩માં ટ્રુડોએ ભારત પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ હતા. ભારતે સ્પષ્ટપણે આવા આરોપોને ફગાવી દીધા હતા.પીએમ ટ્રુડોએ કહ્યું કે કેનેડા એક એવો દેશ છે જે કાયદામાં વિશ્વાસ રાખે છે અને અમારા માટે અમારા નાગરિકોની સુરક્ષા સર્વોપરી છે. આ કારણે જ્યારે અમારી કાનૂની એજન્સીઓ અને ગુપ્તચર અધિકારીઓએ વિશ્વાસપાત્ર આક્ષેપો કર્યા હતા કે કેનેડાની ધરતી પર કેનેડિયન નાગરિક હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારના એજન્ટો સીધા સામેલ હતા. અમે આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરી હતી.

### પુલને ૧૦૦ વર્ષ સુધી કંઈ નહીં થાય

# ગંગા નદી પર બનશે સૌથી મોટો પુલ નીચે ટ્રેન અને ઉપરથી કાર પસાર થશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે રેલવે મંત્રાલયના એક મોટા પ્રોજેક્ટને મંજૂરી આપી છે

નવી દિલ્હી, તા.૧૭

કાશીમાં ગંગા પર રેલ રોડ બ્રિજ બનવા જઈ રહ્યો છે. જે હાલમાં સિગ્નેચર બ્રિજ કહેવાય છે. આ બ્રિજનું બાધકામ ૧૩૭ વર્ષ જૂના માલવીય પુલથી ૫૦ મીટર દૂર તેની બાજુમાં જ બનાવવામાં આવે છે. બ્રિજનું ડીપીઆર ફાઈનલ થઈ ચુક્યું છે અને બ્લૂ પ્રિન્ટ પણ જાહેર કરી દેવામાં આવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના એક્સ અકાઉન્ટથી આ પુલની જાણકારી આપી છે.

પ્રધાનમંત્રીએ લખ્યું કે, કાશીવાસીઓની સુખ સુવિધા માટે અમે કોઈ કસર છોડવા નથી માગતા. આ જ ક્રમમાં ગંગા પર એક રેલ રોડ પુલને મંજૂરી આપવામાં આવી છે. તેનાથી તીર્થયાત્રી, પર્યટકો અને અહીંના લોકોને સારી કનેક્ટિવિટી મળવાની સાથે રોજગાર અને બિઝનેસના નવા નવા અવસર પણ બનશે. આપને જણાવી દઈએ કે, આ બ્રિજને આગામી ૧૦૦ વર્ષ માટે રેલવે અને રોડ અવરજવર વ્યવસ્થાને ધ્યાનમાં રાખતા બનાવવાનો પ્લાન છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે રેલવે મંત્રાલયના એક મોટા પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ અંદાજે રૂ. ૨,૬૪૨ કરોડ છે. આ મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ રેલવેના સૌથી વ્યસ્ત રૂટ પર કામગીરી સરળ બનાવશે અને જામની સમસ્યામાં ઘટાડો કરશે. આ પ્રોજેક્ટ ઉત્તર પ્રદેશના વારાણસી અને ચંદૌલી જિલ્લામાંથી પસાર થશે. વારાણસી રેલ્વે સ્ટેશન એ ભારતીય રેલ્વેનું મહત્વનું કેન્દ્ર છે, જે મુખ્ય વિસ્તારોને જોડે છે. અહીંથી લાખો મુસાફરો અને કોલસો, સિમેન્ટ, અનાજ વગેરે જેવી મોટી માત્રામાં માલસામાનની અવરજવર થાય છે. આ માર્ગ પર ભીડ ઘટાડવા માટે, નવો રેલ-કમ-રોડ બ્રિજ અને ત્રીજી અને ચોથી રેલ લાઈન નાખવાનું કામ કરવામાં આવશે.

### ઘણા રાજ્યોના ગવર્નરો બદલાય તેવી શક્યતા

# રામ માધવ બની શકે છે જમ્મુ-કાશ્મીરના ઉપરાજયપાલ

## રામ માધવની કાશ્મીર મામલો પર ઊંડી સમજ અને તેમના અનુભવને જોતા એવું માનવામાં આવી રહ્યું છે

નવી દિલ્હી, તા.૧૭

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા રામ માધવના નામની ચર્ચા હાલમાં જોર-શોરથી ચાલી રહી છે. એવી ચર્ચાએ જોર પકડ્યું છે કે, તેમને જમ્મુ-કાશ્મીરના ઉપરાજયપાલ બનાવવામાં આવી શકે છે. જો કે, હજુ સુધી તેની કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં નથી આવી, પરંતુ રાજકીય કોરિડોરમાં ચર્ચા જોર-શોરથી ચાલી રહે છે. રામ માધવની કાશ્મીર મામલો પર ઊંડી સમજ અને તેમના અનુભવને જોતા એવું માનવામાં આવી રહ્યું છે તેમને આ જવાબદારી સોંપવામાં આવી શકે છે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં જમ્મુ કાશ્મીર સિવાય ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ સહિત ઘણા રાજ્યોના રાજ્યપાલ બદલી શકે છે. જો કે, હજુ સુધી આ સંભવિત ફેરબદલ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં નથી આવ્યું. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ફેરફારો આ ઓક્ટોબર અથવા નવેમ્બરના અંતમાં થઈ શકે છે.

જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. બુધવારે અહીં નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાના નેતૃત્વમાં નવી સરકારે સત્તા સંભાળી છે. ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી વ્યૂહરચના તૈયાર કરવા માટે રામ માધવને મહત્વની ભૂમિકામાં રાખ્યા હતા. તેઓ કાશ્મીરમાં પાર્ટી માટે હંમેશા મહત્વનો ચહેરો રહ્યા છે.

જમ્મુ-કાશ્મીરના મામલે રામ માધવની ભૂમિકાને અવગણી ન શકાય. તેમણે પીડીપી અને ભાજપના ગઠબંધનમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી. કલમ ૩૭૦ હટાવવાની યોજના પણ તેમના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવી હતી, જે કાશ્મીરના ઈતિહાસમાં એક મોટો બદલાવ સાબિત થયો હતો. તેમનો અનુભવ અને સમજણ કાશ્મીરના ભવિષ્ય માટે મહત્વપૂર્ણ બની શકે છે. આંધ્રપ્રદેશના પૂર્વ ગોદાવરી જિલ્લામાં ૨૨ ઓગસ્ટ ૧૯૬૪ના રોજ જન્મેલા રામ માધવે એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો અને ત્યારબાદ પોલિટિકલ સાયન્સમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું હતું. તેઓ પહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાયા હતા. સંઘમાંથી જ તેઓ ભારતીય જનતા પાર્ટીમાં પ્રવેશ્યા અને ધીરે ધીરે મોટા રાજકીય હોદ્દાઓ પર કબજો જમાવ્યો. તેમનો રાજકીય અનુભવ કાશ્મીરથી લઈને ઉત્તર-પૂર્વના રાજ્યો સુધી વિસ્તરેલો છે.

### આસામના પૂર્વ સાંસદ બદરુદ્દીન અજમલના દાવાથી નવો વિવાદ

# ‘સંસદથી લઈને એરપોર્ટ બધું વક્ફની જમીન પર બનેલું છે’

## સરકાર વક્ફ બોર્ડની ૯.૭ લાખ વીઘા જમીન પડાવી લેવા ઈચ્છે છે, તેમણે વક્ફની જમીન મુસ્લિમ સમાજને સોંપવાની પણ માગણી કરી છે

નવી દિલ્હી, તા.૧૭

ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ(એઆઈયુડીએફ)ના વડા અને પૂર્વ સાંસદ બદરુદ્દીન અજમલે બુધવારે એક દાવો કરીને વિવાદ પેદા કરી દીધો છે. મુસ્લિમ સમુદાયના નેતા અજમલે દાવો કરીને કહ્યું કે, રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં બનેલી સંસદ અને તેની આસપાસના બિલ્ડિંગ વક્ફ બોર્ડની સંપત્તિ પર બનેલા છે. બુધવારે મીડિયા પ્રતિનિધિઓ સાથેની વાતચીતમાં અજમલે દાવો કર્યો કે રાષ્ટ્રીય રાજધાનીમાં વસંતબિહારથી લઈને એરપોર્ટ સુધીના તમામ વિસ્તાર વક્ફની સંપત્તિ પર બનેલા છે. સરકાર વક્ફ બોર્ડની ૯.૭ લાખ વીઘા જમીન પડાવી લેવા ઈચ્છે છે. તેમણે વક્ફની જમીન મુસ્લિમ સમાજને સોંપવાની પણ માગણી કરી છે.પૂર્વ સાંસદ અજમલે વક્ફ બિલનો વિરોધ કર્યો છે અને કહ્યું કે, આ સંદર્ભમાં અવાજ ઉઠાવી રહ્યા છીએ અને દુનિયાભરમાં વક્ફ સંપત્તિઓની યાદી સામે આવી રહી છે. સંસદભવન, તેની આસપાસના વિસ્તાર અને વસંત વિસ્તારથી લઈને એરપોર્ટ સુધીનો સમગ્ર વિસ્તાર વક્ફની સંપત્તિ પર બનેલો છે. તેમણે આગળ એમ પણ કહ્યું કે, મંજૂરી વિના વક્ફની જમીનનો ઉપયોગ કરવો એ ખોટું છે. વક્ફ બોર્ડના આ મુદ્દા પર એ(મોદી સરકાર) ખૂબ જલદી પોતાની સરકાર ગુમાવી દેશે. આ દરમિયાન વિપક્ષના સાંસદોએ વક્ફ(સંશોધન) બિલ ૨૦૨૪ પર સંયુક્ત સંસદીય સમિતિની બેઠક દરમિયાન સંસદીય આચાર સંહિતાના ભંગ પર લોકસભા અધ્યક્ષને પત્ર લખ્યો છે.

### સપોર્ટ સ્ટાફના સહારે મેદાનથી બહાર લઈ જવાયો

# ચાલુ મેચમાં ઈજાગ્રસ્ત થયો સ્ટાર બેટ્સમેન ઋષભ પંત

## વિકેટ કીપિંગ કરી રહેલા પંતને જાડેજાનો બોલ ઘૂંટણમાં વાગ્યો હતો. ત્યારબાદ તેને સખત પીડા થઈ હતી

બેંગલુરુ, તા.૧૭

ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો લાગ્યો છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન ઋષભ પંતને ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ છે. જેના કારણે તેને મેચની વચ્ચે જ મેદાન છોડવું પડ્યું છે. વિકેટ કીપિંગ કરી રહેલા પંતને જાડેજાનો બોલ ઘૂંટણમાં વાગ્યો હતો. ત્યારબાદ તેને સખત પીડા થઈ હતી. આ દરમિયાન મેદાનમાં ફિજીયોની ટીમ પણ દોડી આવી હતી. પંતને ઉભા રહેવામાં પણ મુશ્કેલી પડી હતી. છેવટે વધુ દુ:ખાવો થતો હોવાના કારણે પંતે મેદાન છોડવું પડ્યું હતું. ગંભીર ઈજાના કારણે પંતે મેદાન છોડ્યા બાદ તેના સ્થાને વિકેટ કિપર તરીકે ધ્રુવ જુરેલને બોલાવાયો છે. રિષભ પંતે ટીમ ઈન્ડિયાનું ટેન્શન વધાર્યું છે. પંત ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં ઈજામાંથી પરત ફર્યો હતો. પરંતુ માત્ર ૩ મહિના બાદ પંતને લઈને ટીમ ઈન્ડિયાનું ટેન્શન વધી ગયું છે. ભારતે આવતા મહિને ટેસ્ટ શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરવો છે જ્યાં પંત ટીમનો ટ્રમ્પ કાર્ડ સાબિત થઈ શકે છે. હવે એ જોવાનું રસપ્રદ રહેશે કે પંત કેટલો સમય મેદાનથી દૂર રહે છે. રોહિત અને કંપની ન્યુઝીલેન્ડ સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. પંતને ઈજા થતા ટીમ ઈન્ડિયાને મોટું નુકસાન થયું છે. અકસ્માત બાદ પંત T20 વર્લ્ડ કપ ૨૦૨૪થી પરત ફર્યો છે. જોકે માત્ર ૩ મહિના બાદ પંતને ઈજા થતા ફરી ભારતીય ટીમનું ટેન્શન વધી ગયું છે. ભારતે આવતા મહિને ટેસ્ટ શ્રેણી માટે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરવો છે, જ્યાં પંત ટ્રમ્પ કાર્ડ સાબિત થઈ શકે છે. હવે એ જોવાનું રહેશે કે, પંત કેટલો સમય મેદાનથી દૂર રહે છે. બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાઈ રહેલી ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં બીજા દિવસે ભારતીય ક્રિકેટ ટીમના બેટર્સનો ફ્લોપ શો રહ્યો હતો. ટીમ ઈન્ડિયાએ ૪૬ રનના સ્કોર પર તમામ ૧૦ વિકેટ ગુમાવી દીધી હતી. કોહલી, સરફરાઝ, રાહુલ, જાડેજા અને અશ્વિન એમ ૫ બેટ્સમેનો શૂન્ય પર આઉટ થયા હતા. ટીમ ઈન્ડિયા તરફથી માત્ર જયસ્વાલ અને પંત ડબલ ડિજિટનો સ્કોર નોંધાવી શક્યા હતા. ભારતે આ સાથે એશિયામાં ટેસ્ટ ક્રિકેટમાં કોઈપણ ટીમ દ્વારા નોંધાવેલો સૌથી નાનો ટીમ સ્કોર નોંધાવ્યો હતો. અગાઉ ૧૯૮૬માં વેસ્ટ ઈન્ડિઝે ફૈઝલાબાદમાં પાકિસ્તાન સામે ૫૩ રન નોંધાવ્યા હતા.

### દિલ્હી કેપિટલ્સે કર્યું મોટુ એલાન

# ભૂતપૂર્વ ઓલરાઉન્ડર હેમાંગ બાદાનીને દિલ્હી કેપિટલ્સના હેડ કોચ બનાવાયા

## વેણુગોપાલ રાવને ક્રિકેટ ડાયરેક્ટર બનાવવામાં આવ્યાં

નવી દિલ્હી, તા.૧૭

આઈપીએલ ૨૦૨૫ની આગામી સિઝન માટે તમામ ૧૦ ફ્રેન્ચાઈઝી ટીમોએ તૈયારી શરૂ કરી દીધી છે. ખેલાડીઓનું ઓક્શન નવેમ્બરમાં થાય એવી શક્યતા છે. આ પહેલા દિલ્હી કેપિટલ્સે ગુરુવારે પોતાના નવા કોચિંગ સ્ટાફનું એલાન કર્યું છે. ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડર હેમાંગ બાદાનીને દિલ્હી કેપિટલ્સના હેડ કોચ બનાવવામાં આવ્યાં છે. જ્યારે વેણુગોપાલ રાવને ક્રિકેટ ડાયરેક્ટર બનાવવામાં આવ્યાં છે. ૪૭ વર્ષીય હેમાંગ બાદાની ભારત માટે ચાર ટેસ્ટ અને ૪૦ વનડે મેચ રમી ચૂક્યા છે. તેઓને અલગ અલગ ક્રિકેટ લીગમાં કોચિંગનો અનુભવ છે. ૨૦૨૧થી ૨૦૨૩ સુધી તેમણે સનરાઈઝર્સ હેદરાબાદ સાથે ફિલ્ડીંગ કોચ અને ત્યારબાદ બેટિંગ કોચ તરીકે કામ કર્યું. લંકા પ્રીમિયર લીગમાં તેમણે જાફના કિંગ્સને સતત બે વાર ખિતાબ અપાવ્યો અને શરૂઆતની જીછ૨૦માં તેઓ ખિતાબ જીતનાર સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપના બેટિંગ કોચ હતા. હાલમાં તે દુબઈ કેપિટલ્સના મુખ્ય કોચ હતા જે આ વર્ષે ILT20 ફાઈનલમાં પહોંચી હતી. હેમાંગ બાદાનીએ કહ્યું કે, “દિલ્હી કેપિટલ્સમાં સામેલ થવું મારા માટે સન્માનની વાત છે. મારા પર વિશ્વાસ મુકવા બદલ હું ટીમના માલિકોનો આભારી છું.” ભારત માટે ૧૬ વનડે રમનાર રાવ ૨૦૦૯માં આઈપીએલ જીતનાર ડેક્કન ચાર્જર્સ ટીમનો ભાગ હતા. તે દિલ્હી ડેયરડેવિલ્સ માટે ત્રણ આઈપીએલ સિઝન પણ રમી ચૂક્યા છે અને દિલ્હી કેપિટલ્સ સાથે જોડાયેલા રહ્યાં જેમાં તેમણે શરૂઆતના સિઝનમાં મેન્ટોર તરીકે અને પછી ક્રિકેટ ડાયરેક્ટર તરીકે કામ કર્યું. વેણુગોપાલ રાવે કહ્યું, “ફ્રેન્ચાઈઝી સાથે મારું જોડાણ લાંબા સમયથી છે અને આ ભૂમિકા માટે મારા પર વિશ્વાસ મુકવા બદલ હું ટીમના માલિકોનો આભારી છું.” દિલ્હી કેપિટલ્સ ૨૦૨૧ની આવૃત્તિમાં રનરઅપ રહી પરંતુ પછી ત્રણ સત્રમાં ટોપ ૪માં પહોંચવા માટે સંઘર્ષ કરી રહી છે.

### ડોલ્ફિન દેશ-વિદેશના પ્રવાસીઓ માટે નવું આકર્ષણ

# ગુજરાતના દરિયા કાંઠે ડોલ્ફિનની વસ્તી ૬૮૦ નોંધાઈ

## ગણતરીમાં વૈજ્ઞાનિક, નિરીક્ષકો, ક્ષેત્ર સહાયક જોડાયા

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના દરિયા કાંઠે ડોલ્ફિનની વસ્તી ૬૮૦ નોંધાઈ છે. ગુજરાતના વન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી ગણતરી અનુસાર રાજ્યમાં ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધવામાં આવી છે. જેમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફીન ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા મરીન નેશનલ પાર્ક એન્ડ મરીન સેન્ચુરીના વિસ્તારમાં હોવાની સંભાવના છે.

અન્ય વિસ્તારોની વાત કરીએ તો, કચ્છના અખાતના ઉત્તર તરફના ભાગમાં કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચો.કિ.મી.માં ૧૬૮, ભાવનગરમાં ૧૦ તેમજ મોરબીના દરિયાકાંઠાના ક્ષેત્રોમાં ૪ ડોલ્ફિન જોવા મળી છે.આ ડોલ્ફિન દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું નવું કેન્દ્ર બની છે.

વન વિભાગ અને વિવિધ સંસ્થાઓ દ્વારા હાથ ધરાયેલી આ ગણતરી વૈજ્ઞાનિકો, નિરીક્ષકો, ક્ષેત્ર સહાયકો સહિત ૪૭ વિશેષજ્ઞ જોડાયા હતા. સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા મરીન નેશનલ પાર્ક એન્ડ મરીન સેન્ચુરીના વિસ્તારમાં હોવાની સંભાવના. કચ્છના અખાતના ઉત્તર તરફના ભાગમાં કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચો.કિ.મી.માં ૧૬૮ વિસ્તારમાં ડોલ્ફિન મળી. ભાવનગરમાં ૧૦ તેમજ મોરબીમાં ૪ ડોલ્ફિન જોવા મળી.

## રાજય સરકાર દ્વારા ૬૦ દિવસ સુધી વાંધા અને સૂચનોનાં આધારે સૂચિત ઈકો સેન્સેટીવ ઝોનનું આખરી જાહેરનામું પ્રસિધ્ધ થશે

# ઈકો સેન્સેટીવ ઝોન અંગે ખોટી ભ્રમણાઓથી દૂર રહેવા વન વિભાગનો અનુરોધ

**ખેડૂત–ખેતી અને ગામતળમાં થતી પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ નહી આવે**

**ખેતર કે વાડીમાં ભૂગર્ભમાંથી પાણી કાઢવા કૂવા કે દાર કરી શકે છે**

**પ્રભાવિત ગામોની સંખ્યા ૩૮૯માંથી ઘટી અને ૧૯૬ થશે**

**પ્રાંત અને વન અધિકારીએ સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન અંગે પત્રકારો સાથે વાર્તાલાપ કર્યો**






અમરેલી, તા.૧૭

ગીર રક્ષિત વિસ્તારના સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન અંગે ખેડૂતો અને આ સૂચિત સમાવિષ્ટ વિસ્તારના રહીશો સુધી યોગ્ય વિગતો પહોંચે તેવા હેતુથી ગીર પૂર્વ નાયબ વનસંરક્ષક અને ધારી પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને ધારીના આંબરડી સફારી પાર્ક ખાતે પત્રકારો સાથે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વાર્તાલાપમાં ગીર પૂર્વ નાયબવનસરંક્ષકરાજદિપસિંહ ઝાલાએ પત્રકારોને એક પ્રેઝેન્ટેશન પ્રસ્તુત કરી સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન અંગેના તથ્યોથી વાકેફ કર્યા હતા. તેમણે લોકોને પત્રકારોને ખોટી ભ્રમણાઓથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યુ કે, સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી કુલ ૧૯૬ ગામોનો સમાવેશ થશે જયારે હાલના નિયમો મુજબ ૩૮૯ ગામો રક્ષિત વિસ્તાર અને તેની આસપાસ સમાવિષ્ટ છે જ. આમ, ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી ગામની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે વધારો થતો નથી.

તેમણે ઉમેર્યુ કે, નેશનલ વાઈલ્ડ લાઈફ એકશન પ્લાન (NWAP) (૨૦૦૨–૨૦૧૬) મુજબ ઈકોલોજિકલ કોરીડોર જે રક્ષિત વિસ્તારોને જોડે છે તે મહત્વપૂર્ણ છે અને જૈવ વિવિધતા વિભાજનને રોકવા માટે તેને સુરક્ષિત કરવું ખૂબ જરૂરી છે.

નેશનલ વાઈલ્ડ લાઈફ એકશન પ્લાન NWAP રક્ષિત વિસ્તારો તેમજ કોરીડોરના આસપાસના તમામ વિસ્તારોને પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ સંવેદનશીલ જાહેર કરવા ભલામણ કરે છે. ગીર, પાણિયા અને મિતિયાળા રક્ષિત વિસ્તાર ફરતે ઈકો સેન્સીટીવ ઝોન જાહેર કરવા બાબતે ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૩/૭/૨૩ના રોજ રાજય સરકારને ફ્રેશ પ્રપોઝલ રજૂ કરવા ઓરલ ઓર્ડર આપ્યો હતો.

NWAPની ભલામણ અને દેશની સર્વોચ્ચ અદાલત (Honorable Supreme Court of India)ના નિર્દેશો મુજબ ગીર રક્ષિત વિસ્તાર (Gir PA) ની આસપાસ ઈકો–સેનસેટીવ ઝોન માટે જરૂરી સુધારા કરી રિવાઈઝડ દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. દરખાસ્તનો ઉદેશ્ય પર્યાવરણીય સંતુલનનું રક્ષણ કરવાનો અને ગીર રક્ષિત વિસ્તારની વૈવિધ્યસભર વન્યજીવોની પ્રજાતિઓ અને તેમના રહેઠાણોના લાંબા ગાળા માટે ટકાવી રાખવાનો છે.

દેશની સર્વોચ્ચ અદાલત (Honorable Supreme Court of India)ના નિર્દેશો અનુસાર ગીર રક્ષિત વિસ્તારની ફરતે ૨.૭૮ કિ.મી. નો લઘુત્તમ ઈકો–સેન્સેટીવ ઝોન રાખવામાં આવ્યો છે.

આ ઈકો–સેન્સેટીવ ઝોનની લઘુત્તમ હદ ૦૦.૦૦ કિ.મી. (રક્ષિત વિસ્તારો એક બિજા સાથે સ્પર્શતા હોવાથી) અને મહત્તમ હદ ૯.૫૦ કિ.મી. સુધીની છે.

ઈકો–સેન્સેટીવ ઝોનનો કુલ વિસ્તાર ૨૦૬૧.૭૭ ચો. કિ.મી. છે. ઈકો–સેન્સેટીવ ઝોનમાં ૩ જિલ્લાના ૧૧ તાલુકાના કુલ ૧૯૬ ગામોનો સમાવેશ થાય છે. તા. ૧૮/૯/૨૪ના રોજ વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

આ જાહેરનામામાં ૬૦ દિવસ દરમિયાન રાજય સરકાર દ્વારા વાંધા અને સૂચનો સ્વીકારવામાં આવે છે જેના અંતે આખરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે.

જાહેરનામામાં ૩ જિલ્લાના ૧૧ તાલુકાના કુલ ૧૯૬ ગામોનો સમાવેશ જેનો કુલ વિસ્તાર ૨૦૬૧.૭૭ ચો. કિ.મી. છે. જેમાં અમરેલી જિલ્લાના આંશિક વિસ્તારવાળા ધારી તાલુકાના ૦૨ ગામ અને સંપૂર્ણ વિસ્તાર વાળા ૨૭ ગામ, ખાંભા તાલુકાના ૩૬ અને સાવરકુંડલા તાલુકાના ૦૭ ગામનો સમાવેશ થાય છે.

આ ઈકો સેન્સેટીવ ઝોનમાં હયાત ગામ–તળના વિસ્તાર ઉપરાંત બીજો તેટલો જ વિસ્તાર ઈકો–સેન્સેટીવ ઝોનમાંથી બાકાત રાખવામાં આવ્યો છે.

ગામતળમાં કરવાની થતી સરકારી અથવા વ્યક્તિગત પ્રવૃત્તિઓ માટે ઈકો સેન્સીટીવ ઝોનને લગત કોઈપણ પરવાનગી લેવાની રહેશે નહીં જેમાં દવાખાના, આંગણવાડી, શાળા, પંચાયત કચેરી, નંદ ઘર, ગામના રસ્તાઓ વગેરે તમામ ગામના વિકાસની પ્રવૃત્તિઓમાં, પોતાના રહેણાંક, પાણીના કનેકશન, વીજ જોડાણ, કૂવા બાંધકામ વગેરે માટે વન વિભાગની પરવાનગીની આવશ્યકતા નથી.

**ઈકો સેન્સેટીવ ઝોનમાં અંગે કેટલાક તથ્યો**

ઈકો–સેન્સેટીવ ઝોનમાં રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્રો–ઠરાવો અને જોગવાઈઓ મુજબ કોઈ વ્યક્તિ કે સમુદાય કે સમાજ, ઘર, દુકાન, કરી શકે છે. આ વિસ્તારમાં પ્રદૂષણ ફેલાવતા મોટા ઉદ્યોગો ઉપર નિયંત્રણ છે.

ખેતર કે વાડીના માલિક પોતાના ખેતર કે વાડીમાં ભૂગર્ભમાંથી પાણી કાઢવા કૂવા કે દાર શકે છે.

વીજ કનેકશન લેવા જેવી ખેતી વિષયક બાબતે કોઈ મનાઈ નથી.

ઈકો–સેન્સેટીવ ઝોનના કારણે હોટલ, ગેસ્ટ હાઉસ, ફાર્મ હાઉસ, લોજ વગેરે કરવા ઉપર મનાઈ નથી. આ બાબતે રાજય સરકારના નીતિ નિયમ મુજબ ઉક્ત તમામ હેતુઓ માટે રાજય સરકારની લગત કચેરી દ્વારા પરવાનગી આપવામાં આવે છે.

ઈકો–સેન્સેટીવ ઝોનમાં માલિકીના ઝાડનું છેદન રાજય સરકારના પ્રવર્તમાન નીતિ નિયમ મુજબ થઈ શકે.

ઈકો–સેન્સેટીવ ઝોનમાં આવતી નદીઓમાંથી રેતી કાઢવા ઉપર રાજય સરકારના ધારા ધોરણ મુજબ સ્થાનિક રીતે બોનાફાઈડ ઉપયોગ માટે કોઈ પ્રતિબંધ નથી. તેના વાણિજય વેચાણ પર પ્રતિબંધ છે.

---

પાના ૮ ઉપરનું ચાલું **બગસરા પાલિકાનાં ''સેવાસેતુ'' કાર્યક્રમમાં**

જેમાં ચૂંટણીલક્ષી કામ હોય કે પછી સામાન્ય બસના પાસ કાઢવા જેવા પ્રશ્નનું પણ નિવારણ ના આવતા બગસરા સ્થાનિક સંસ્થાના પ્રમુખે ડેપો મેનેજરને ફોન કરતા ડેપો મેનેજરે જયારે કહ્યું હતું કે તમારે પાસ કઢાવવા હોય તો ડેપોએ આવવું પડે અમારે સેવા સેતુમાં ખાલી બેસવાનું જ હોય. લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા અને સેવા સેતુના નામે સરકારના નાણાં વ્યય પણ થયા હોવાનું અરજદારો દ્વારા કહેવામાં આવ્યું હતું.

---

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદ પંથકનાં ખેતીપાકોનું**

વરસાદ પડવાને કારણે જાફરાબાદ તાલુકાના ગામડાઓમાં પહોંચી અને સડતર દરિયાઈ વાળી જમીન હોય જેને લીધે પાકમાં મોટા પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું છે અને ખેડૂતોનો પાક સડી રહ્યો છે અને મગફળી, સોયાબીન, કપાસ, તલ, અડદ પલળી જતાં સડી રહ્યા હોય. ત્યારે ખેડૂતોએ કરેલી આખા વર્ષની મહેનત ઉપર પાણી ફરી રહ્યું છે. ત્યારે રાજય સરકારના કૃષિ મંત્રીને અને ગુજરાત રાજયના મુખ્યમંત્રીને જાફરાબાદ તાલુકામાં તાત્કાલિક ધોરણે લીલો દુષ્કાળ જાહેર કરી ખેડૂતોને સહાય આપવાની કોંગ્રેસ અગ્રણી ટીકુભાઈ વરૂએ માંગ કરી છે.

---

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલા પંથકમાં ભારે વરસાદથી**

૨૦૦ જેટલા થડીયા પડી ગયા છે. હવે શિયાળામાં દિવાળીમાં પાક આવવાની તૈયારી હતી. હવે મારે શું કરવું? વરસાદ હજુ રોકાતો નથી. કપાસ પણ ફેલ થયો છે સિંગના પાથરા પડયા છે. અત્યારે ખૂબ જ નુકસાન થયું છે સરકાર ખેડૂતોની મદદ કરે તેવી ખેડૂતોમાં માંગ ઉથી છે.

૪ દિવસ પહેલા અમરેલીના ધારાસભ્ય અને વિધાનસભાના દંડક કૌશિક વેકરીયા દ્વારા અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારમાં પડી રહેલા વરસાદના કારણે ખેડૂતોને સતત નુકસાન જવાના કારણે રાજય સરકાર ખેડૂતોને સહાય આપી મદદ કરે તે માટે મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆતો કરી માંગણી પણ કરવામાં આવી છે.

---

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીની સ્પે. પોક્સો કોર્ટે**

તાલુકાના કોટડાપીઠા ગામે મજુરીકામ કરતાં એક પરપ્રાંતીય પરિવાર ગત તા. ૬/૩/૨૨ ના રોજ સવારના આઠેક વાગ્યે પોતાના સંતાનો સાથે ભાગવી રાખેલ વાડીની બાજુમાં આવેલ વાડીએ ધાણામાં પુળા વાળવા ગયેલ હતા અને આશરે બપોરના બારેક વાગ્યાના સમયે આ પરિવારની ૧૨ વર્ષ ૫ માસની દીકરી રસોઈ કામ કરવા સારૂ ભાગવી રાખેલ વાડીએ હતી. ત્યારે પાછળથી મુળ મધ્યપ્રદેશના વતની લખન વિક્રમભાઈ નામનો આરોપી પાનસડા ગામે તેના બનેવી રવીભાઈ નરશીભાઈ વાળા સાથે રહેતો હતો અને આ અંગે તપાસ કરી આ લખન બાબતે પુછતા આરોપી લખન બપોરના સમયે કયાંક જતો રહેલ છે અને તે કોઈ જાણ કરીને ગયેલ નથી. જેથી સગીરાને આરોપી લખન વિક્રમભાઈ (રહે. પીવડાઈ તા.જી. ઈન્દોર મધ્યપ્રદેશ) વાળો લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે મારા કાયદેસરના વાલીપણાંમાંથી ભગાડી અપહરણ કરી લઈ ગયેલ હોવાની ફરિયાદ જે તેસમયે પોલીસમાં નોંધાઈ હતી.

આ અંગેનો કેસ અત્રેની સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી સ્પે.પોકસો જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી લખન વિક્રમભાઈને ભારતીય દંડ સહિતની કલમ ૩૬૩, ૩૬૬ના ગુન્હામાં દોષી ઠરાવી આરોપીને ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજાર દંડ તેમજ પોકસો એકટ કલમ ૪, ૮, ૧૮ તથા આઈ.પી.સી. ૩૭૬ (૨)(એન), ૩૭૬ (૩)ના ગુન્હામાં કસુરવાર ઠરાવી આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨૦ હજાર દંડની સજા ફટકારી હતી. જયારે ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર આપવા પણ હુકમ કર્યો હતો.

---

પાના ૧ ઉપરનું ચાલું **સાવરકુંડલામાં મોબાઈલ ટાવરને**

તેમજ ઈન્ટરનેટ દ્વારા વોટસએપ જેવી એપ્લિકેશન દ્વારા અમુક વ્યવસાય સાથે સંકળાયેલા હોય છે. એમ ગણીએ તો નેટવર્ક એ આવશ્યક સેવા પણ ગણી શકાય. આ સંદર્ભે આ નેટવર્કનો ઉપયોગ કરતાં ગ્રાહકોને નેટવર્ક ન મળતાં ઘણી પારાવાર મુશ્કેલી થતી હોય છે જેનું વળતર આંકડામાં પણ કેમ કાઢી શકાય? વળી માનસિક વેદનાનું તો માપ જ ન કાઢી શકાય. આમ નેટર્વક ઠપ્પ થતાં જેમ વીજળી જતાં અંધારપટ છવાઈ બસ કંઈક એવો જ માહોલ સર્જાઈ છે. આવાં પગલાં દ્વારા લોકોને પડતી હાલાકી માટે જવાબદાર કોણ? એવો સવાલ પણ અહીં ઉપસ્થિત તો થાય છે.

આ સંદર્ભ ગ્રાહક સુરક્ષા મંડળ સાવરકુંડલા દ્વારા ગ્રાહક નંબર ૯૪૦૪૪ ૯૫૯૫૬–દેવળા ગેઈટ વિસ્તારમાં રહેતાં કલ્પેશભાઈ કનુભાઈ રાઠોડની ફરિયાદને ધ્યાને લઈને આ ગ્રાહકને નેટવર્ક ન મળવાથી રૂા. ૨,૩૦,૦૦૦નું ધંધામાં નુકસાન થવા પામેલ છે. આમા ફરિયાદી કલ્પેશભાઈ પોતે સ્વરોજગારી માટે ઓનલાઈન ધંધાકીય કામકાજ પણ કરે છે. જે સંદર્ભે ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ડેફિશિયન્સી ઈન સર્વિસ અંતર્ગત ઈમેલથી ફરિયાદ કરેલ છે અને ગ્રાહકને થયેલ નુકશાન તેમજ વેલીડીટી વધારી આપવા રજૂઆત કરી છે. શહેરમાં આવા તો અનેક કિસ્સાઓ બન્યા હશે જેનું માત્ર અનુમાન જ લગાવી શકાય. કારણ કે લોકો ખુલીને બોલી શકે કે ફરિયાદ કરી શકે એવું પણ ખૂબ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. હશે અને થશે એ આશાવાદ સાથે જ ચાલવાની વિચારસરણી પણ અમુક લોકો ધરાવતાં હોય શકે. એટલે આવા ગ્રાહકોનો એકઝેટ આંકડો કાઢવો એ પણ મૂંઝવણભરી પ્રક્રિયા ગણી શકાય ખરી.

---

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં શાક બકાલાની જેમ**

જોઈએ અને લોકો પોતાની આંખે જોઈ શકે તેમ ઉપકરણો રખાવવા જોઈએ તેવા કામચલાઉ શેડ નકકી કરવામાં આવે તે જગ્યા પર ઉભા કરી તેમાં દારૂખાનું રાખવા માટે સેફટી અંગે ની પૂરી પૂરી ગાઈડ લાઈનનું પાલન થાય તેમજ શહેરના ખાંચા ખુચરે, ગલીઓ, શેરી, મહોલ્લા, સોસાયટીમાં લારીઓ અને ગામની વચોવચ વહેંચતા ફટાકડાનુ વેચાણ બંધ કરાવી દુકાનને સિલ મારી અને માલ જપ્ત કરવામા આવે. શહેર અને ગામડાઓમાં બહાર સ્ટોલ નાખવાની માંગ ઉઠેલ છે. રાજકોટ ગેમજોન જેવા બનાવો અટકાવવા જિલ્લા સેફટી અધિકારી સહિત તમામ સરકારી તંત્રો પણ ધ્યાન આપે તેવી માંગ ઉઠેલ છે તેમજ ફટાકડાના લાઈસન્સ આપતા પહેલા ખૂબ જ કાળજી રાખવી ખૂબ જરૂરી હોય તેવું લોકો જણાવી રહ્યા છે. કરણ કે હવે દિવાળીના તહેવારો ખુબ નજીક આવી રહ્યા હોય ત્યારે લોકો પોતાની મેળે પરમિશન વિના ગલી, નાકે ફટાકડાનું વેચાણ કરવા લાગશે. આવા સમયે કોઈ અઘટિત ઘટના બને તેની સંપુર્ણપણે જવાબદારી કોની ગણાશે તેવી લોકોમાંથી ચર્ચાઓ ઉઠવા પામી છે, લોકો કહી રહ્યા છે કે સરકારી તંત્ર એ અત્યારથી કડક કાર્યવાહી સાથે જરૂરી પગલાંઓ લેવા જોઈએ. લોકો હવે આગળ સરકારી તંત્ર દ્વારા શું પગલા લેવામાં આવશે તે અંગે તરેહ તરહની અટકળો ચાલી રહી છે. શું સરકારી તંત્ર એલર્ટ બની લોકોની સુરક્ષા માટે પગલા ભરશે કે કેમ,,,!!!,,,???,,, જોઈએ આગળ શુ થાય છે તે.

---

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૬૦/૨૦૨૪

**અરજદારશ્રી :** શ્રી નનુભાઈ રાજાભાઈ પદમાણી,
રહે. નાનાજીજુંડા, તા.સાવરકુંડલા, જિ. અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, નાનાજીજુંડા, તા.સાવરકુંડલા

**જન્મ–મરણ નોંધણી અધિનિયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રીની પુત્રી ભાવનાબેન નનુભાઈ પદમાણીનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૮ ના રોજ મુ.નાનાજીજુંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધારા – પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કો કરી આપ્યો.

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા**

---

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૦૦ | ૧૧૨૦ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૨૫૧ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૩૦ | ૧૪૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૭૫ | ૨૫૩૫ |
| ૫ | તલ કાળા | ૨૮૦૦ | ૩૬૧૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૦૩૫ |
| ૭ | બાજરો | ૪૧૨ | ૪૬૦ |
| ૮ | જુવાર | ૪૧૫ | ૭૩૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૫૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૪૧ | ૬૩૨ |
| ૧૧ | મકાઈ | ૫૦૦ | ૫૧૪ |
| ૧૨ | મગ | ૭૧૫ | ૧૪૭૫ |
| ૧૩ | અડદ | ૯૦૦ | ૧૫૪૦ |
| ૧૪ | ચણા | ૮૭૭ | ૧૪૫૬ |
| ૧૫ | કપાસ | ૮૪૦ | ૧૬૦૧ |
| ૧૬ | એરંડા | ૧૨૨૫ | ૧૨૫૫ |
| ૧૭ | જીરૂ | ૨૦૦૦ | ૪૫૫૦ |
| ૧૮ | રાયડો | ૮૩૦ | ૧૧૦૫ |
| ૧૯ | ધાણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ૨૦ | મેથી | ૧૦૨૨ | ૧૧૦૫ |
| ૨૧ | સોયાબીન | ૬૧૨ | ૮૮૯ |
| ૨૨ | રજકાનું બી | ૪૦૦૦ | ૫૪૮૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ૨ | કપાસ કોડી | ૯૬૦ | ૧૨૩૦ |
| ૩ | મગફળી નવી | ૮૭૫ | ૧૦૫૫ |
| ૪ | મગ | ૧૩૪૦ | ૧૫૯૦ |
| ૫ | અડદ | ૧૨૩૦ | ૧૩૮૦ |
| ૬ | ઘઉં | ૪૬૧ | ૬૦૯ |
| ૭ | સોયાબીન | ૭૫૯ | ૮૧૧ |
| ૯ | તલ સફેદ | ૨૦૫૫ | ૨૩૨૫ |
| ૧૦ | તલ કાળા | ૨૯૯૦ | ૩૩૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૦ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૭૦૦ | ૧૧૫૩ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૫ |
| ૪ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૫૦ |
| ૫ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૫૧ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૧ | ૫૯૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૫ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૩૧ |
| ૧૦ | જુવાર | ૫૯૦ | – |
| ૧૧ | અડદ | ૧૨૨૧ | ૧૮૫૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૪૧૨ |
| ૧૩ | સોયાબીન | ૬૮૦ | ૮૩૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૯ | ૧૫૬૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૭૦ | ૧૧૬૩ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૧૯૯ | ૧૫૩૫ |
| ૨ | ચણા | ૯૧૧ | ૯૧૧ |
| ૩ | તલ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૪ | જુવાર સફેદ | ૬૦૦ | ૬૦૦ |
| ૫ | અડદ | ૧૧૦૦ | ૧૧૫૨ |
| ૬ | તુવેર | ૧૨૮૦ | ૧૨૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૯૭ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૧૨ |
| ૪ | જુવાર | ૫૦૫ | ૬૭૦ |
| ૫ | ચણા | ૯૦૭ | ૧૪૦૫ |
| ૬ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | અડદ | ૧૧૨૫ | ૧૪૨૧ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૧૯૫ |
| ૯ | સોયાબીન | ૬૦૦ | ૯૭૫ |
| ૧૦ | બાજરો | ૪૦૪ | ૪૨૪ |
| ૧૧ | મગફળી | ૬૪૫ | ૯૨૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૦૨૫ | ૧૨૯૦ |
| ૧૩ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૨૦૦ |
| ૧૪ | મગ | ૧૩૬૯ | ૧૩૬૯ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૯૩૬ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૪૦ |
| ૩ | કપાસ | ૧૦૫૦ | ૧૫૨૫ |
| ૪ | બાજરો | ૪૫૫ | ૫૭૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૬ |
| ૬ | જુવાર | ૪૧૨ | ૮૦૦ |
| ૭ | મકાઈ | ૫૦૧ | ૫૦૧ |
| ૮ | મગ | ૧૨૧૨ | ૧૪૦૦ |
| ૯ | અડદ | ૧૦૬૦ | ૧૪૦૧ |
| ૧૦ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | ચણા | ૧૨૦૧ | ૧૪૩૬ |
| ૧૨ | જીરૂ | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૧૩ | અજમા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | ચોળી | ૮૨૫ | ૮૨૫ |
| ૧૫ | સોયાબીન | ૮૦૦ | ૮૨૬ |
| ૧૬ | ધાણા | ૯૭૧ | ૯૭૧ |
| ૧૬ | રજકાબી | ૪૦૫૦ | ૪૦૫૦ |

## એમેઝોન, ફલિપકાર્ટ, મિસો જેવી ઓનલાઈન કંપનીની સંગાથે

# મહાકાય મોલે મધ્યમ વેપારીઓની કમર તોડી નાખી

**૩૦ થી લઈને ૮૦ ટકા સુધીનું ડીસ્કાઉન્ટ આપીને મહાકાય કંપનીઓ ગ્રાહકોને પોતાનાં કરવા કરે છે પ્રયાસ**

**કરોડો રૂપિયાની કંપની ધરાવતાં ઓનલાઇન કે મોલ સામે સ્થાનિક વેપારીઓને ટકવું મુશ્કેલ**

**સ્થાનિક વેપારીઓ નવરા રહે અને મહાકાય મોલ અને કંપનીને કરોડો રૂપિયાનું ટર્નઓવર**

**ભાજપની સૌથી મોટી વોટબેન્ક ગણાતા સ્થાનિક વેપારીઓની ચિંતા કોઈને થતી નથી**











અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં વર્ષોથી દુકાન કે શો–રૂમ દ્વારા અનાજ કરિયાણા, ગારમેન્ટ, ફુટવેર, જવેલર્સ, ગારમેન્ટ સહિતનાં સ્થાનિક, વેપારીઓનાં અસ્તિત્વ સામે મહકાય મોલ અને ઓનલાઈન વેચાણ કરતી એમેઝોન, ફિલપકાર્ડ, મિસો જેવી કંપનીઓનાં કારણે ગંભીર ખતરો ઉભો થયો છે.

નવરાત્રિથી શરૂ કરીને દિવાળી સુધી ઓનલાઈન કંપનીઓ અને મહકાય મોલ દ્વારા ગ્રાહકોને ૩૦ થી લઈને ૮૦ ટકા સુધી ડીસ્કાઉન્ટ આપવામાં આવતું હોવાથી સ્થાનિક વેપારીઓનાં વેપારમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન થઈ રહયું છે.

ગ્રામ્ય વિસ્તારથી લઈને મધ્યમકક્ષા અને મહાનગરોમાં રહેણાંક વિસ્તારથી લઈને રાજમાર્ગો પર વર્ષોથી દુકાન ચલાવનાર વેપારીઓ તેમનો વેપાર શરૂ રાખવા કે ચલાવવા ભારે સંઘર્ષ કરી રહયા છે.

રીલાયન્સ, ટાટા, જેવી જાયન્ટ કંપની પાસે કરોડો રૂપિયાનું ફંડ હોય છે. એટલે તેઓ ઉત્પાદન કર્તા પાસેથી મોટા જથ્થામાં વિવિધ ચીજવસ્તુઓ ખરીદ કરે એટલે સ્વાભાવિક તેમને ભાવમાં ફાયદો મળે અને તેનો લાભ કરોડો નાગરિકોને મળતાં સ્થાનિક વેપારીઓ ક્રમશઃ નવરાધુપ બનતા જાય છે.

જાણીતા એક વેપારીએ સાચુ કીધુ કે આગામી એક દાયકામાં કોઈ વ્યકિત સ્થાનિક દુકાનમાં ખરીદ કરવા જશે. નહી તમામ ચીજવસ્તુઓ ઓનલાઈન અથવા તો મોલમાંથી ખરીદતો થઈ જશે અને વેપારીની ચિંતા પણ વ્યાજબી છે.

દેશમાં કરોડો દુકાનોનાં સંચાલકોમાં તેમનાં પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બનશે તેવું સ્પષ્ટ જોવા મળી રહયું છે. ભાજપની મજબુત વોટબેન્ક ગણાતો વેપારીવર્ગ છેલ્લા એક દાયકાથી મોલ કલ્ચર અને ઓનલાઈન ખરીદીનાં કારણે દુઃખી થતો હોય સરકારે કોઈ વ્યવહારૂ ઉકેલ શોધવો જરૂરી છે.

---

## જીએચસીએલ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા

# રાજુલા ખાતે પ્રોજેક્ટ સુહાસીની (સ્તન કેન્સર જાગૃતી કાર્યક્રમ)નું અનાવરણ કરવામાં આવ્યુ

**રાજુલા અને જાફરાબાદનાં ૨૦ ગામની મહીલાઓને મળશે નિઃશુલ્ક સ્તન કેન્સર તપાસનો લાભ**





રાજુલા, તા. ૧૭

જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા પોતાની સામાજીક ઔધ્યોગીક જવાબદારી અંતર્ગત સ્ત્રી સશકિતકરણ કાર્યક્રમ હેઠળ ગ્રામીણ સમુદાયની મહીલાઓનાં આરોગ્ય અને સ્વાસ્થય જાળવણી માટે સ્તન કેન્સર જાગૃતી કાર્યક્રમ માટે ''પ્રોજેકટ સુહાસીની''નું આજે હોટેલ અર્ષ પ્લાઝા ખાતે ડેપ્યુટી મેનેજર સી.એસ.આર રમેશભાઈ મકવાણા તથા આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદનાં સી.ઈ.ઓ મોનાબેન પટેલ, જીલ્લા દહેજપ્રતિબંધક ઓફીસર શૈલેષ કણજરીયા તથા તાલુકા હેલ્થ ઓફીસર ડો.એન.વી.કળસરીયાનાં હસ્તે અનાવરણ કરવામાં આવ્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આશીર્વાદ ફાઉન્ડેશન અમદાવાદને જીએચસીએલ દ્વારા અમલીકરણ એજેન્સી તરીકે જવાબદારી સોપેલ છે. આ કાર્યક્રમનાં બહોળા પ્રચાર–પ્રસાર અને છેવાડાનાં લોકો સુધી કાર્યક્રમને પહોચાડવા ફાઉન્ડેશન દ્વારા જીલ્લા આરોગ્યવિભાગ સાથે સંકલન કરીને રાજુલા તાલુકાનાં તમામ આશાવર્કર બહેનોને આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યા હતા. સહભાગી આશાવર્કર બહેનો દ્વારા પ્રોજેકટ સુહાસીનીને છેવાડાનાં ગ્રામીણ સમુદાય સુધી પહોચતો કરવાની નેમ લીધી છે. આ ઉપરાંત જીલ્લા મહીલા અને બાળ વિકાસ કચેરી અને જીલ્લા આઈ.સી.ડી.એસ વિભાગની કચેરીનાં મુખ્યાધિકારી દ્વારા પ્રોજેકટ સુહાસીનીને સંપુર્ણ સહયોગ આપવા સંલગ્ન અધિકારીઓ તથા લગત તાલુકા કચેરીને સુચન કરેલ છે.

કાર્યક્રમને સફળ બનાવવા જીએચસીએલની સમગ્ર સી.એસ.આર ટીમ તથા આશીર્વાદ ફાઉન્ડેશની ટીમ ઉપસ્થિત રહી હતી. ગ્રામ્ય કક્ષાએ કાર્યરત ૧૬૦ જેટલી આશાવર્કર બહેનો સહભાગી બની હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન જીએચસીએલ ફાઉન્ડેશનનાં સી.એસ.આર વિભાગનાં કોર્ડીનેટર હનીફ કાલવાતર દર્રા કરવામાં આવ્યુ હતું.

---

## પુ. વિજયબાપુ અને દિલીપ સંઘાણીનાં વરદ હસ્તે

# અમરેલીના તપોવન આશ્રમને ઓકિસજન કોન્સેન્ટ્રેટર અર્પણ કરાયું

**અમેરિકા સ્થિત સંવટ પરિવારનાં સહયોગ રહ્યો**



અમરેલી, તા. ૧૭

પૂ.આપાગીગા ના પરિવાર તરફ થી સ્વ. નાનભાઈ રામભાઈ સંવટના સ્મરણાર્થે મોટાભાઈ સંવટ તથા શ્રી કનુભાઈ સંવટ(યુએસએ) તરફ થી શ્રી તપોવન આશ્રમ અમરેલી ને પૂ.વિજયબાપુ ગુરૂ જીવરાજબાપુ – સત્તાધાર તેમજ દિલીપભાઈ સંઘાણી ના હસ્તે આધુનિક ઓક્સીજન કોન્સેન્ટ્રેટર (Oxygen Concentrator) ભેટ સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત નિરાધારના આધાર સારહી તપોવન આશ્રમ ખાતે સારહી યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, પદાધિકારીઓ સુરેશભાઈ શેખવા, વજુભાઈ ગોલ, જયંતીભાઈ પાનસુરીયા, દિપકભાઈ માલાણી, પ્રાગજીભાઈ કાલરીયા, તુષારભાઈ જોશી, રાજેશભાઈ માંગરોળીયા, નારણભાઈ ડોબરીયા, રૂજુલભાઈ ગોંડલીયા, હરિભાઈ કાબરીયા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહીને ભેટ સવીકારેલ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભ કામનાઓ પાઠવી. સારહિ પરિવાર વતી હદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

---

## રાજુલા : રૂદ્રગણ ગ્રુપ દ્વારા ગૌ શાળાઓમાં ખાણ અપાયુ



રાજુલા, તા. ૧૭

રૂદ્રગણનાં સભ્યોએ જણાવ્યું હતું કે ગોપાલન એ ફકચત આર્થિક પ્રવૃત્તિ જ નથી. પરંતુ ભારતીય સંસ્કૃતિ અને નિષ્ઠાનું એક પ્રતિક છે. ગૌપાલન અને ગૌરક્ષાની કામગીરી પ્રત્યેક કુટુંબમાં થવી જરૂરી છે. રાજયમાં દરેક કુટુંબ ગૌપાલન પ્રવૃતિ સાથે સંકળાયેલ હોવું જોઈએ કારણ કે ગૌપાલન આપણા સમાજમાં આતિથ્ય અને શિસ્તનો માપદંડ છે. ગૌપાલન યુવા વર્ગમાં ભારતીય મૂલ્યો અને ધાર્મિકતાને પ્રસ્થાપિત કરે છે. હાલમાં અશક્ દુબળાં અને રખડતા ગૌવંશવાળા પશુઓના આશ્રય માટે પાંજરાપોળ સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. દુધાળુ પશુઓને ફક્ત સુકા ચારમાંથી પૂરતા પોષકતત્વો મળતા નથી અસંતુલિત આહાર અને પોષક તત્વોની ખામીયુકત આહાર જ વાછરડાના ધીમા શારીરિક વિકાસ, પરિપક્વમાં વિલંબ અને મોડા સર્વધન સંભવિત કરતા ઓછી ઉત્પાદકતા તરફ દોરી જાય છે. એન ડીડીબી દ્વારા સ્થાનિક રીતે ઉપલબ્ધ ફીડ સ્ત્રોતોનો ઉપયોગ કરી તેમના પશુઓના રાશન ને સંતુલિત કરી શકાય છે. સંતુલિત રાશન જેમાં પ્રોટીન, ઉર્જા ખનીજો અને વિટામિન્સની જરૂરિયાત લીલા–સુકાચારા ખાણદાણ ખાણ અને ખનીજ મિશ્રણ થી જ પૂરી શકાય છે જેથી પશુ તંદુરસ્ત રહી ઉત્પાદન માટે સક્ષમ બનેછે. પોષકતત્વોની જરૂરીયાતને ધ્યાને રાખી ગૌશાળામાં ખાણનું વિતરણ કરાયું છે.

---

## રાજુલા નજીક આવેલ

# કથીવદર ગામનાં શિક્ષણપ્રેમી બિજલભાઈ વાઘનું નિધન થયું

**આહીર સમાજે મહત્વનાં આગેવાન ગુમાવી દીધા**



રાજુલા, તા. ૧૭

રાજુલા તાલુકાના કાથીવદર ગામના વતની અને આહિર સમાજના દીર્ઘ ટ્રસ્ટ શિક્ષણપ્રેમી અને દાનવીર એવા બિજલભાઈ માયાભાઈ વાઘ (મુખી)નું ૮૦ વર્ષની ઉંમરે તારીખ ૧૩/૧૦/૨૪ના રોજ અવસાન થતા સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે.

રાજુલા વિસ્તારમાં સ્વ. બિજલભાઈ વાઘએ સમગ્ર વિસ્તારમાં રોટલે મોટું ખોરડું તેમજ ગરીબોના બેલી, સત્યના હંમેશા પટ્ટરી, સાચુ ગમે તેને કરેનાર નિરાધાર લોકો માટે અડધી રાતનો હોકારો સમાન વ્યકિતત્વ ધરાવતા હતા. આથી તેનું સમગ્ર પંથકમાં મુખી નામ તરીકે છાપ પડી ગઈ હતી.

બિજલભાઈ (મુખી)એ આહિર સમાજ હોય કે અન્ય સમાજ હોય કોઈપણ સમાજના સુખના કામ હોય કે દુઃખના તે હંમેશા તેના પરિવાર સાથે રહેતા.

તે કોઈપણ સમાજ હોય હંમેશા તે છેક સમાજમાં તે સુખના ભાગીદાર ના બન્યા હોય પણ તે દરેક સમાજના લોકાના દુઃખના ભાગીદાર જરૂર બનતા એટલા માટે તો બિજલ આતા (મુખી)નું અવસાન થતા સમગ્ર પંથકમાં કોઈ દિવસનો પુરાય એવી ખોટ પડી છે.

બિજલઆતા (મુખી)ના બે દિકરા જેમાં રાણીંગભાઈ વાઘ અને બીજા આહિર સમાજમાં શિક્ષણપ્રેમી અને સામાજીક ક્ષેત્ર જેવો રાત્ર – દિવસ સમાજ માટે ખુબ જહેમત કરતા હોય છે. એવા ઉદ્યોગપતિ એવા ભોળાભાઈ વાઘ (વાઘ) છે. રાણીંગભાઈ અને ભોળાભાઈ વાઘના કુંટુબ ઉપરાંત સમગ્ર સમાજે અને સમગ્ર વિસ્તારે આવા અક્ષલિક અને દિલાવર દાનવીર બિજલઆતા (મુખી)ને ગુમાવ્યા છે. ત્યારે પુર્ણ પુરૂષોતમ ભગવાન શ્રી કૃષ્ણ દિવંગતના આત્માને પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના.

---

# રાજુલા સરકારી હોસ્પિટલની પ્રશંસનીય કામગીરી



રાજુલા, તા. ૧૭

મુસ્લિમ સમાજમાં હજ પડવા જોવા માટે હોસ્પિટલનું ફિટનેસ સર્ટિફિકેટ હોવું જરૂરી હોય છે ત્યારે આવા સમયે આ ફિટનેસ સર્ટિફિકેટ આપવા માટે સરકારી હોસ્પિટલોને જ સત્તા આપવામાં આવેલી હોય છે ત્યારે આવી શકતા રાજુલા હોસ્પિટલમાં હોય જેથી હજુ કમિટી દ્વારા પસંદ થયેલા હાજીઓને આજરોજ રાજુલા સિવિલ હોસ્પિટલે ખાતે તમામ લોકોને લાવવામાં આવેલ જેમાં નસીબવંતા ૧૪ હાજીઓનું ફિટનેસ સર્ટિ માટેનું સરકારી હોસ્પિટલ રાજુલા મુકામે કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ આ કેમ્પમાં રાજુલા સરકારી હોસ્પિટલના સ્ટાફ તેમજ ડો. બલદાનીયા તથા ડો. જેઠવા, ડો. શક્તિરાજ ખુમાણ દ્વારા ખાસ જેહમત ઉઠાવી સફળ કામગીરી કરેલ હબતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે સમીરભાઈ કનોજીયા (મહામંત્રી અમરેલી જિલ્લા લઘુમતી મોરચા) તથા મુસાભાઈ મેતર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ અમરેલી જિલ્લાના આસિસ્ટન્ટ ફિલ્ડ ટ્રેઈનર સજ્જાદ કાદરી ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો સજ્જાદ કાદરી આસિસ્ટન્ટ ફિલ્ડ ટ્રેઈનર અમરેલી ગુજરાત રાજય હજ કમિટીએ તમામનો આભાર વ્યકત કરેલ.

---

## સુરત એસઓજીએ હવાલા કૌભાડ ઝડપી પાડ્યું

# સુરતમાં ઓનલાઇન ટિકિટ બુકિંગના નામે ૧૦૦ કરોડની હેરાફેરી કરાઈ

**કૌભાંડ દુબઇ ખાતેથી ચલાવવામાં આવતું હોવાનું ખુલ્યું**

સુરત, તા.૧૭

સુરત એસઓજીએ શહેરમાંથી રૂપિયા ૧૦૦ કરોડથી વધુનુ હવાલા કૌભાડ ઝડપી પાડ્યું છે. સુરત શહેર એસઓજીએ હાથ ધરેલ તપાસમાં, સમગ્ર કૌભાડ દુબઈ ખાતેથી ચલાવવામાં આવતું હોવાનું ખુલ્યું છે. મૂળ અમદાવાદનો પરંતુ દુબઈ સ્થિત મહેશ દેસાઈ નામનો વ્યક્તિ આ કૌભાડ ચલાવતો હોવાનું ખુલ્યું છે. SOGએ કરેલ તપાસમાં, ૮ સેવિંગ પાસ બુક, ૨૯ ચેક બુક, ૨ કરન્ટ એકાઉન્ટ પાસબુક, ૩૮ ડેબિટ કાર્ડ, ૪૯૭ સિમ કાર્ડ, ૭ મોબાઈલ અને ૧૬ લાખ રોકડ મળી આવ્યા છે. પાકિસ્તાન, ચીન, દુબઈ, અફઘાનિસ્તાન દેશો મારફતે રૂપિયાની હેરાફેરી કરવામાં આવી રહી હતી. બે વર્ષમાં બેક ખાતામાંથી ૧૦૦ કરોડનું ટ્રાન્જેક્શન મળી આવ્યું. અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનથી આવતા હવાલાના કરોડો રૂપિયાને ક્રિપ્ટોમાં કન્વર્ટ કરીને હેરફેર કરનાર આંતરરાષ્ટ્રીય રેકેટનો સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર પિતા-પુત્ર છે જેની સ્પેશિયલ ટીમે ધરપકડ કરી લીધી છે. આરોપી પિતા-પુત્ર પાસેથી ૪૯૭ સિમકાર્ડ મળ્યાં છે, જેનો ઉપયોગ દેશભરમાં ૨૮ જેટલા સાયબર ફ્રોડના કિસ્સામાં થયો છે. બે વર્ષમાં હવાલાના ૧૦૦ કરોડ રૂપિયાનાં ટ્રાન્ઝેક્શન મળ્યાં છે, જોકે આ હવાલાની રકમનો ઉપયોગ ટેરર ફંડિંગમાં કરાતો હતો કે નહીં એ અંગેની પણ તપાસ હાથ ધરવામાં આવી છે. સુરત શહેર એસઓજીએ કરેલ તપાસમાં એવુ પણ સામે આવ્યું છે કે, હવાલા કૌભાડમાં ૨૮ જેટલા એકાઉન્ટનો સાયબર ફ્રોડ માટે ઉપયોગ થયો છે. સુરતની ૮ આંગડિયા પેઢીના નામો પણ સામે આવ્યા છે. આરોપીઓ પાસે દુબઈમાં 3BHK ફ્લેટ અને મોબાઈલ સ્પેરપાર્ટ કંપનીની દુકાન પણ છે. થોડા દિવસ પહેલાં પત્નીના નામે નવસારીમાં ફાર્મહાઉસ પણ ખરીદ્યું છે. આરોપીઓએ મોટા વરાછામાં ઓનલાઈન વેપારના નામે આ ગોરખધંધો શરૂ કર્યો હતો. આ ગોરખધંધો કરતા સોની ફળિયા સિંધીવાડમાં રહેતા પિતા-પુત્ર સહિત ત્રણ લોકોની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ધરપકડ કરી છે. પિતા મકબુલ ડોક્ટર અને તેના બંને પુત્રો ઓનલાઈન ટ્રાવેલ ટિકિટ બુકિંગના નામે હવાલાનાં નાણાં સગેવગે કરવાનું રેકેટ ચલાવી રહ્યા હતા. આ અંગે માહિતી મળતાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે પિતા-પુત્રની ગતિવિધિ પર સતત વોચ રાખી હતી અને આખરે તેમના ગોરખધંધા અંગે પૂરતી માહિતી મેળવી તેમની ધરપકડ કરી હતી.

દુબઈ સિવાય સુરતમાં પણ આરોપીની પ્રોપર્ટી છે, થોડાક દિવસ પહેલા પત્નીના નામે નવસારીમાં ફાર્મ હાઉસ પણ ખરીદ્યું છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રૂપિયાને ક્રિપ્ટો કરન્સીમાં અને ક્રિપ્ટોને ફરી રૂપિયામાં કન્વર્ટ કરવાનો આ ખેલ હતો. આ ઘટનામાં ૪૯૭ જેટલા સીમકાર્ડ મળી આવતા આટલી મોટી સંખ્યામાં સીમકાર્ડ ક્યાંથી આવ્યા? તે અંગેની તપાસ કરવામાં આવશે. આ સીમકાર્ડ થકી દેશના અલગ- અલગ રાજ્યોમાં ૨૮ જેટલા સાઈબર ફ્રોડ કરવામાં આવ્યા છે. આ સાથે તેઓએ જણાવ્યું હતું કે, આરોપીઓ એક કંપનીના સીમકાર્ડ મેળવીને દુબઈ મોકલતા એક મહિનામાં આ રીતે સીમકાર્ડ વેચીને ૭-૮ લાખ રૂપિયા કમાતા હોવાનું હાલ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. અત્યાર સુધીમાં જેટલી આંગડિયા પેઢી મારફતે પૈસા ટ્રાન્સફર કરાયા હતા. જોકે, આ પૈસાનો ઉપયોગ ટેરર ફંડિંગમાં કરાતો હતો કે નહીં તે અંગે પોલીસ તપાસ કરશે.

## શહેરીજનોને ‘‘સેવાસેતુ’’ અંગેની કોઈ જાણકારી મળી નહી

# લ્યો બોલો : બગસરા પાલિકાનાં ‘‘સેવાસેતુ’’ કાર્યક્રમમાં હું, તુ અને રતનિયો

પાલિકાનાં અમુક અધિકારીઓ અને કર્મચારીઓ જ ગેરહાજર હોવાની ફરિયાદ ઉભી થઈ

ચાલું કચેરી દરમિયાન કામ ન કરનાર કર્મચારીઓનો ‘‘સેવાસેતુ’’માં પણ ઠાગાઠૈયા કરે

વેરો ઉઘરાવવા ઢોલ પીટતી પાલિકા ‘‘સેવાસેતુ’’ કાર્યક્રમને લઈને ઉદાસીન જોવા મળી

સરકારનાં અવનવા કાર્યક્રમથી સરકારી કર્મચારીઓ પણ કંટાળી ગયા હોય તેવું લાગે છે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૭

રાજય સરકાર દ્વારા અરજદારોની અરજીઓનો એક જ સ્થળ પરથી નિકાલ થાય તે માટે સેવાસેતુ કાર્યક્રમ યોજવામાં આવે છે. જો કે બગસરામાં યોજાયેલ સેવાસેતું કાર્યક્રમમાં મોટાભાગના કર્મચારીઓ જ હાજર ન હોવાથી રાજય સરકારના અભિયાનનું સુરસુરીયુ થઈ ગયુ હતુ. બગસરામાં પાલિકા ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. જયારે ગઈ કાલે બગસરા પાલિકામાં સેવાસેતુ કાર્યક્રમ હોય તેનો કોઈ પ્રચાર–પ્રસાર કરવામાં આવ્યુ ન હતો જેના કારણે શહેરીજનો પણ આ સેવાસેતુ કાર્યક્રમથી અજાણ રહ્યાં હતા. આવો કોઈ સેવાસેતુના કાર્યક્રમનો પ્રચાર–પ્રસાર કરવામાં આવ્યો હોવાનો ચીફ ઓફીસરે લુલો બચાવ કર્યો હતો.

આ અંગે અરજદારોએ જણાવ્યું હતું વેરા બાકી હોય તો માઈક ફેરવી જાહેરાત કરવામાં આવે છે. પરંતુ અરજદારોને લાભ થાય તેવી કોઈ કામગીરી પાલિકા દ્વારા કરવામાં આવતી નથી. સેવાસેતુની કોઈ જાહેરાત કરવામાં આવી ન હોવાથી અનેક અરજદારોના કામો ટલ્લે ચડયા છે. પાલિકાની બેદરકારીને કારણે અરજદારોના કામો થતા નથી. સેવાસેતું કાર્યક્રમમાં મોટાભાગના અધિકારીઓ ગેરહાજર હોવાથી અરજદારોમાં ભારે રોષ ફેલાયો છે. જયારે અમુક ઓફિસના કર્મચારીઓ મોબાઈલમાં વ્યસ્ત જ રહ્યા હતા. પોલીસ વિભાગ તથા બેંકના જુદી જુદી શાખાઓમાંથી કોઈપણ ફરકીયા ન હતા. આ ઉપરાંત ૧:૪૦ મિનિટ પહેલા સંકેલો કરી જતા રહ્યા હતા જયારે અરજદારોને ધરમના ધક્કા થયા હતા.

અનુસંધાન પાના ૬ ઉપર

## જગતનો તાત ગણાતા ખેડૂતો ભારે વરસાદથી ચિંતીત

# સાવરકુંડલા પંથકમાં ભારે વરસાદથી આંબરડી ગામના ખેડૂતનાં ૧૫ વિઘામાં સરગવાનો સોથ વળી ગયો

ખેતી સાથે જોડાયેલ હજારો ખેડૂત પરિવારોની હાલત દયનીય



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ સતત યથાવત છે. નવરાત્રી દરમિયાન જિલ્લાના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડવાના કારણે વ્યાપક નુકસાન થયુંહતું. ગઈકાલે પણ અમરેલીના સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારમાં ભારે વરસાદ પડવાના કારણે ખેડૂતોને દિવાળીના તહેવાર સમયે મુશ્કેલી વધી રહી છે. સાવરકુંડલા તાલુકામાં ભારે વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકસાન પહોંચ્યું છે. તો ગઈકાલે અનેક ખેતરો જળબંબાકારની સ્થિતિમાં જોવા મળ્યા હતા.

સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામના ખેડૂત દિનેશભાઈ માલાણી એ ૧૫ વીઘામાં સરગવાનું વાવેતર કર્યુ હતું જેમાં ગઈકાલે એક કલાક સુધી વરસેલા વરસાદના કારણે ખેતી પાકમાં નુકસાન પહોંચ્યું છે. સાંજના સમયે સતત ભારે વરસાદ પડવાના કારણે આખો સરગવાનો પાક ઢળી જતા મોટા પાયે નુકસાન પહોંચ્યું છે. રાજય સરકાર ખેડૂતોની સહાય કરે તેવી માંગ કરવામાં આવી છે.

આંબરડી ગામના ખેડૂત દિનેશભાઈ માલાણીએ જણાવ્યું હતું કે ૧૫ વીઘામાં સરગવા આવ્યા છે. નવરાત્રી પછી સતત વરસાદ વરસ્યો હતો તેમજ ગઈકાલે તો ભારે પવન સાથે મીની વાવાઝોડું આવ્યું હતું જેમાં સરગવાના

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારાસભ્ય મહેશ કસવાલાએ કરી માંગ

# સાવરકુંડલા પંથકમાં ભારે વરસાદથી ખેતીપાકોને થયેલ નુકસાનનું સર્વે કરો

રાજયનાં કૃષિ મંત્રી રાઘવજી પટેલને પત્ર પાઠવ્યો



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલાએ કૃષિમંત્રી રાઘવજી પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે સાવરકુંડલા તાલુકામાં તાજેતરમાં ભારેથી અતિભારે વરસાદના કારણે ખેડૂતોનો તૈયાર થયેલ પાક નિષ્ફળ ગયેલ છે. ગત તા. ૧૬/૧૦/૨૪ના રોજ સાવરકુંડલા તાલુકાના આંબરડી, થોરડી, દોલતી, આદસંગ, ગોરકડા, મેરીયાણા, છાપરી ઉપરાંત આજુબાજુ વિસ્તારમાં ખુબ જ પવન સાથે અતિભારે વરસાદ પડવાના કારણે ખેડૂતોનો ખેતીનો પાક શીંગ, કઠોળ તેમજ કપાસના પાકને ખુબ જ મોટા પ્રમાણમાં નુકસાન થયેલ છે અને લીલા દુષ્કાળની પરિસ્થિતિ સર્જાયેલી છે. જેથી ખેડૂતોને આર્થીક રીતે મદદરૂપ થઈ શકાય તે માટે થયેલ નુકસાનનો તાત્કાલીક સર્વે કરાવી સરકારના નિયમો મુજબ સહાય ચુકવવા માટે અનેક ખેડૂતોએ મૌખીક રજુઆત કરેલ છે.

ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખી અને આર્થિક રીતે નુકસાન ન થાય તે માટે વિધાનસભા મત વિસ્તારમાં ભારે વરસાદના કારણે તૈયાર થયેલ પાકને નુકસાન થયેલ હોય જેનું સર્વે કરાવી તાત્કાલીક નિયમો મુજબની આર્થીક સહાય ચુકવવા અંતમાં માંગ કરેલ છે.

## કોંગ્રેસનાં અગ્રણી ટીકુભાઈ વરૂની માંગ

# જાફરાબાદ પંથકનાં ખેતીપાકોનું સર્વે કરી ખેડૂતોને આર્થિક સહાય કરો

ભારે વરસાદથી ખેતીને વ્યાપક નુકસાન


અમરેલી, તા. ૧૭

તાજેતરમાં જાફરાબાદ તાલુકામાં ખૂબ જ મોટા પ્રમાણમાં વધુ

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)